
કિંમત ₹ ૫/-
પ્રકાશનઃ- દર માસની ૧૧ તારીખે


# શ્રી સ્વામિનારાયણ

માસિક
સળંગ અંક ૯૧ ● નવેમ્બર ૨૦૧૪



## સર્વોપરિ છપૈયાધામે
## પ.પૂ.લાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં
## પ્રથમ યુવા સત્સંગ શિબિર

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧


અમદાવાદ મંદિરમાં દિવાળીના ઉત્સવો
અન્નકૂટ
ચોપડા પૂજન
શરદ પૂનમ

**શ્રી નરનારાયણદેવ ગાદીના તાબામાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સિધ્ધપુરનો સમાવેશ થયો**

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સિધ્ધપુરમાં ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટીની નિમણુંકની સત્તા ટ્રસ્ટના બંધારણમાં શ્રી નરનારાયણદેવ દેશ ગાદીના આચાર્ય મહારાજશ્રીને આપેલ છે. તદુપરાંત તા. ૬-૧૧-૨૦૧૧ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સિધ્ધપુર મુકામે ટ્રસ્ટની મિટીંગમાં ઠરાવ નં. ૧૫૨ થી શ્રીનરનારાયણદેવ દેશની સ્કીમ કમિટીના એક સભ્ય ને ટ્રસ્ટના ટ્રસ્ટી પદે નિમવાની સત્તા પરમ પૂજ્ય ધર્મધુરંધર ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રીને આપવામાં આવી છે.

-આજ્ઞાથી



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૮ ● અંક : ૯૧

નવેમ્બર-૨૦૧૪

(મૂળ વર્ષ ૪૭)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | મોટા ભક્ત મારુ દેશના | ૦૬ |
| ૦૪. | પ્રસાદીના પત્રોનું આચમન | ૦૮ |
| ૦૫. | હરિભક્તના વંશજોને સુખ આપતા ભગવાનનાં વંશજ | ૧૧ |
| ૦૬. | ધર્માદો અર્પણ કરવા અંતરાયરૂપ લોભ | ૧૨ |
| ૦૭. | વડા થયા વચનથી | ૧૪ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૫ |
| ૦૯. | સત્સંગ બાલવાટિકા | ૨૫ |
| ૧૦. | ભક્તિ સુધા | ૨૭ |
| ૧૧. | પ્રશ્ન પેટી | ૩૦ |
| ૧૨. | સત્સંગ સમાચાર | ૩૧ |



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# ॥ અસ્મદીયમ્ ॥

સં. ૨૦૭૧ ના વર્ષનો પ્રારંભ સુંદર રીતે થયો. ચાતુર્માસ પણ પૂર્ણ થયો. ચાતુર્માસમાં જેટલું આપણે વધુ ભજન-સ્મરણ કીર્તન કથા આદિ કર્યું હશે તેજ આપણા કામનું છે. મહારાજનો નિશ્ચય અને માહાત્મ્ય દ્રઢ રાખજ્યો.

જેને ભગવાનનું માહાત્મ્ય સારી પેઠે સમજીને અતિશે દ્રઢ ભગવાનનો આશ્રય હોય, તેને તો અંતઃકરણ રૂપ માયા છે તે દુઃખ દેતી નથી અને જેને એવા આશ્રયમાં ફેર હોય તેને દુઃખ દે છે. જેમ કાચો સત્સંગી હોય તો તેને કુસંગી હોય તે ડગાવવાનો આગ્રહ કરે, પણ જે પાકો સત્સંગી હોય તેને ડગાવ્યાની લાલચ રાખે નહીં અને તેને સાંભળતા કોઈ સત્સંગનું ઘસાતું બોલી શકે નહી. તેમ જેને એવો પરિપક્વ પરમેશ્વરનો આશરો થયો છે તેને ડગાવ્યાની લાલચ અંતઃકરણરૂપ માયા રાખે નહી અને સામી, તેની ભક્તિમાં પુષ્ટિ કરવા લાગે. અને જેના જીવને વિષે એવા આશરામાં કાંઈ કાચ્યપ હોય તેને એ માયા ડગાવે છે ને દુઃખ દે છે. જ્યારે એનો એ જીવ એવી રીતે ભગવાનનો પરિપક્વ આશ્રય કરશે ત્યારે એને ડગાવ્યાને અર્થે ને પીડવાને અર્થે માયા સમર્થ થાય નહીં. જેને ભગવાન નો એવો પરિપક્વ નિશ્ચય છે તેને કોઈ રીતે માયા દુઃખ દેવાને અર્થે સમર્થ થતી જ નથી. (વચ. લો. ૧૦)


માટે ભક્તો આપણે શ્રીહરિનો નિશ્ચય સંપૂર્ણ પણે પરિપક્વ કરી લેજ્યો. તો માયા આપણાને પીડી નહીં શકે. તે માટે આ વચનામૃતનું ખાસ મનન અને નિદિધ્યાસ કરવો.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

શ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ઓક્ટોબર-૨૦૧૪)



૪ કલોલ પંચવટી ખાતે ૪૨ મો પ્રાકટ્યોત્સવ અને ગાદી દશાબ્દી મહોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં સંત-હરિભક્તોએ ધામધૂમથી ઉજવ્યો.

૫ થી ૧૧ શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઈરોબીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ પ્રસંગે પધરામણી.

૨૪ નૂતન વર્ષ પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની શણગાર આરતી અને અન્નકૂટ આરતી ઉતારવા પધાર્યા.

## પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ઓક્ટોબર-૨૦૧૪)

૭ શ્રી સ્વામિનારાયણ મંદિર નારણઘાટ અને કાલુપુર શરદોત્સવ પ્રસંગે પધરામણી.

૮ શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સેકટર-૨) શરદોત્સવ પ્રસંગે પધરામણી.

૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર બાવળા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં સમૂહ ચોપડા પૂજન પોતાના વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થયું.

૨૮ થી ૫ નવેમ્બર સર્વોપરિધામ છપૈયાપુરમાં સત્સંગ યુવા શિબિર પોતાના અધ્યક્ષ સ્થાને થઈ.

# મોટા ભક્ત મારુ દેશના

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)



સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને સંપ્રદાયમાં સર્વ પ્રથમ અહિંસા યજ્ઞ જેતલપુરમાં કર્યો. ૧૮ દિવસના યજ્ઞમાં દૂર દૂર પ્રાન્તોમાંથી ભક્તો આવ્યા. એ વર્ષ દુષ્કાળનું હતું. તેથી શ્રીજી મહારાજે જમણવાર ચક્રવર્તી રાજાથી જે ન થાય એવી ઉદારતાથી તમામને પાકા ભોજન જમાડ્યા હતા. સ્વામિનારાયણના યજ્ઞનો ધુમાડો અને લાડવાનો સ્વાદ ને લોકો વખાણ કરીને થાકતા નહિ.

એ સમયે અમદાવાદથી ૩૦૦ કિલોમીટર દૂરથી આવી મારું દેશ મારવાડના લોકો દુષ્કાળ ગાળવા અહીં રોકાયા. અહીં આવી ભજન અને ભોજનના પ્રભાવે સત્સંગનો રંગ લાગ્યો એટલે આવેલા એકસોથી વધુ હરિભક્તોએ સત્સંગના વર્તમાન ગ્રહણ કર્યા. તેમાંથી એક હરિભક્ત પાર્ષદ તરીકે શ્રીજી મહારાજની સેવામાં રહ્યા. એ શૂરવીર છપ્પનની છાતીવાળા પરમ ભક્ત વીર ભગુજી તરીકે સંપ્રદાયમાં પ્રસિદ્ધ થયા. અને એક સાધુ થયા જે નિર્દોષાનંદ સ્વામી તરીકે મહારાજની સાથે રહ્યા. જેમણે સત્સંગ વિચરણ સવિશેષ મૂળી પ્રદેશમાં કર્યું અને હાલમાં જીરાગઢમાં બિરાજમાન રોકડીયા હનુમાનજીની અને ધમડકા (કચ્છ)માં શ્રી હનુમાનજીની પ્રાણ પ્રતિષ્ઠા વિધિ સદ્‌ગુરુ નિર્દોષાનંદ સ્વામીએ કરી હતી. જેઓ નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રતધારી હતા. વીર ભગુજી અને નિર્દોષાનંદ સ્વામીનો પરિચય સંપ્રદાયમાં સુપ્રસિદ્ધ છે. નિર્દોષાનંદ સ્વામી ભિનમાલ તાલુકાના ગોળીયા ગામના હતા અને વીર ભગુજી ત્યાંથી ત્રણ કિ.મી. દૂર મોરશીમ ગામના વતની હતા.

જેતલપુરનો યજ્ઞ પૂર્ણ થયા પછી પણ એક બે માસ મારુ દેશના હરિભક્તો રોકાયા. કોઈને વતનમાં જવાનું મન થતું નથી. શ્રીહરિએ સૌને વતનમાં જવાની આજ્ઞા કરી પણ મારુ દેશ વાલીના ભક્તો કહે અમારા પ્રદેશમાં સત્સંગ કરાવવા સંતોને અમારી સાથે મોકલો તો ઘેર જઈએ. મહારાજ કહે તમને જે સંત ગમે તે લઈ જાઓ. સૂકો પ્રદેશ અને વળી અતિ દૂર એક પછી એકને પૂછે પણ કોઈ જવાબ ના આપે. ત્યારે શ્રીજી મહારાજે સ્વભાવના બહુજ કડક એવા ગુરુચરણરતાનંદ સ્વામીને આજ્ઞા કરી. સ્વામી મારુદેશના ભક્તોની સાથે કેટલાક મહિને ભીનમાલ પાસે દાંતિવા ગામે પહોંચ્યા. આજુબાજુના ગામોમાં એક વર્ષ સુધી રહીને સ્વામીએ સત્સંગના વર્તમાન ધરાવ્યા. સ્વામીની કૃપાથી હરિભક્તને મહારાજની મૂર્તિ કોઈને ધ્યાનમાં કોઈને પ્રત્યક્ષ દેખાવા લાગી. સત્સંગ ખૂબ વધ્યો. વળી સ્વામી સ્વભાવે બહુજ

કડક હોવાથી જબર જસ્તી થી કંઠી પહેરાવીને વર્તમાન ધરાવતા. જે સામો મળે તેનો ઉભો રાખી કંઠી પહેરાવી નિયમો આપી મહારાજનું ભજન કરવાનું કહેતા. સ્વામી ગુજરાત આવ્યા પછી આ વાતને પાંચ જેટલા દાયકાઓ વીતી ગયા પછી ભિનમાલ પાસે ચેનપુરા ગામે એક અક્ષરધામના મુક્ત જામાજી ચૌધરી નામે પ્રગટ થયા. જેઓ નિર્દોષાનંદ સ્વામીની સંત પરંપરામાં આચાર્ય મહારાજશ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ થકી મહાદીક્ષા લઈ સાધુ થયા. જેઓ સદ્‌ગુરુ ભક્તિનંદનદાસજી સ્વામી નામે ઓળખાયા. સ્વામી અખંડ નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રતધારી હોવાથી કુળદેવ હનુમાનજી સ્વામીના વચનને અનુસરતા. સ્વામી હરિભક્તોના કષ્ટ નિવારણ અર્થે અને સત્સંગના રક્ષણને અર્થે જ્યાં સત્સંગી હોય એવા ગામોમાં કષ્ટભંજનદેવ હનુમાનજી પધરાવતા. મૂર્તિ રૂપે હનુમાનજી સ્વામી સાથે પ્રત્યક્ષ વાતો કરતા. મારવાડ અને ગુજરાતના ગામોમાં સત્સંગ કરાવતા. અમદાવાદમાં શ્રી નરનારાયણદેવની ગાદી પર પ.પૂ. વાસુદેવપ્રસાદજી મહારાજ સગીર વયના હોવાથી કેટલાક વર્ષ અમદાવાદમાં રહીને ઘણા ઉપદ્રવોને શાન્ત કર્યા. સ્વામી કેટલાક વર્ષ અમદાવાદમાં મહંત પદે પણ રહ્યાં હતા.

સ્વામીએ વાલી, દાંતીવા, ગોળીયા, બીલીયા, ઉંઝા, ડાંગરવા, કોઠા, તેજપરા,માણસા આદિ ગામોમાં કષ્ટભંજન હનુમાનજી પધરાવ્યા છે. જે આજે પણ ભક્તિનંદન સ્વામીની શાખ રાખીને સંકલ્પ કરવામાં આવે તો તત્કાળ કષ્ટભંજનદેવ પૂર્ણ કરે છે. કોઈ ગામમાં અઘટિત બનાવ બને તો સ્વામી હનુમાનજી દાદાને વઢતા અને ઠપકો આપતા. એવી મહારાજની સબળ ઉપાસનાનું બળ હતું. ભક્તિનંદન સ્વામીથી મારુ દેશનો સત્સંગ ખૂબજ વધ્યો. ભિનમાલ વિસ્તારના આશરે ૭૦ ગામોમાં (પરાઓ) સત્સંગ વધ્યો. સ્વામીએ પંદર જેટલા મંદિરો કર્યા. નંદપંક્તિના સંતો જેવી પ્રતિભા ધરાવતા વાલી ગામે જ્યારે અક્ષરધામમાં પધારવાના હતા ત્યારે ચાર દિવસ અગાઉ જાણ કરી. ત્યારે હરિભક્તો દર્શન કરવા આવ્યા. સવારમાં સ્વામી દાતણ કરતા હતા તે વખતે એક હરિભક્ત કહે સ્વામી કાંઈ યાદગીરી આપો, તો સ્વામીએ વરખડાનું દાતણ ચાવતા હતા તે દાતણની ચીરી કરીને મંદિરના ચોકમાં જમીનમાં દબાવી કહ્યું કે આ અમારી યાદગીરી. તો ત્યાં બે ચીરીના બે ભાગમાં વરખડાનું વૃક્ષ આજે પણ દર્શન આપે છે. અને કોઈ બાળક માંદુ હોય તો તેને સ્વામીનું નામ  લઈ એક પાંદડું વાટીને ખવડાવે અથવા ગળામાં ડાળખાનો ટુકડો બાંધે તો અસહ્ય રોગમાંથી મુક્ત થાય છે. એવી એ વિસ્તારમાં પ્રસિદ્ધ માન્યતા છે.

ત્યાર પછી કણખોલ ગામના કૃષ્ણ સ્વરૂપદાસજી સ્વામી તેઓ પણ સમર્થ હતા. જેઓએ વાલીમાં ભવ્ય ત્રણ શિખરનું મંદિર બનાવ્યું. જેમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રીવાસુદેવપ્રસાદજી મહારાજે શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા સંવત ૧૯૮૫ માં કરી હતી.

હાલમાં વાલી મુખ્ય શિખરબધ્ધ મંદિર છે. તેની આસપાસ ૫૦ કિ.મી.ના અંતરમાં ૨૧ જેટલા હરિ મંદિરો આવેલા છે. અહીં સત્સંગ ખૂબજ ઉત્તમ પ્રકારનો સચવાઈ રહ્યો છે. ઘણા હરિભક્તોને આપણા સંપ્રદાયના અતિ મહત્વના ઈતિહાસ વાળા આવા ધામોની ખબર ન હોવાથી દર્શનથી વંચિત રહી જાય છે. મારવાડી સંતોનું મંડળ વાલીમાં સેવા કરે છે. જ્યારે જ્યારે સમૈયો થાય ત્યારે બહુજ મોટી સંખ્યામાં લાખો મારવાડી હરિભક્તો ભેળા થાય છે. **જીવનમાં સાદગી પણ સત્સંગ શીર સાટે, સમૈયામાં હરિભક્તો ગુજરાતી કીર્તનો મારવાડી તાલમાં ગાય ત્યારે તે જોઈને મોટા મોટાના માન ઉતરી જાય. આજે પણ આખી રાત્રી કીર્તનો ગવાય જાગરણ થાય. રાત્રી જાગરણમાં કીર્તનો ગાવાનો ખૂબજ ત્યાં મહિમા છે. કોઈને પણ ઘરે અવસર હોય તો રાત્રી જાગરણમાં કીર્તનો ગવાય. ગુજરાતના તમામ સંતો-હરિભક્તો કરતાં કંઠસ્થ કીર્તનીય હરિભક્તો વાલી પ્રદેશમાં આજે પણ વધુ છે. ૫૦૦ થી ૧૦૦૦ કંઠસ્થ કીર્તન ગાવાવાળા તો ગામો ગામ પાંચ પચીસ જોવા મળે.** એક જેલાતરા ગામના હરિભક્ત (અભણ હોવા

અનુ. પેજ નં. ૧૩ પર

# પ્રસાદીના પત્રોનું આચમન

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ (અમદાવાદ)

**મૂળ પત્ર :**

॥શ્રીઃ॥

સ્વસ્તિ શ્રી અમદાવાદ મહાશુભ સ્થાને સર્વે શુભોપમાજોગ્ય સાધુ શિરોમણી સાધુ બ્રહ્માનંદ સ્વામિ એતાન શ્રી વરતાલથી લિ. સાધુ ગોપાલાનંદ સ્વામિના જય સ્વામિનારાયણ વાંચજો. અપરંચ લખવા કારણ એમ છે જે શ્રીજી મહારાજે લખાવીને એમ પ્રબંધ કર્યો છે જે દેવને અર્થે માનતા કરે, ભેટ મુકે કે થાળ કરાવે, ઘોડું બળદ ગાય ભેંસ આદિક જે જે જંગમ વસ્તુ અર્પણ કરે તે જે દેવને અર્થે કરે તે દેવનું છે. માટે સુરતના સત્સંગી અમદાવાદ આવ્યા હશે તેમણે નરનારાયણદેવને અર્થે પોત પોતાની શ્રદ્ધા પ્રમાણે કંઈક કર્યું હશે તેનું નામું અમને અક્ષરાનંદ સ્વામીએ દેખાડ્યું ત્યારે એમ કહ્યું જે એ દેવને અર્થે વાવર્યુ છે તે છો વાવર્યુ એમાં તમારે કાંઈ બોલવું નહિ તે સારુ તમારે પણ એમ જાણવું. પણ લક્ષ્મીનારાયણની માનતાનું અથવા થાળનું જે જે હોય તે તે માંગવું નહિ અને જે આ રીત્યને ભાગશે ને નરનારાયણનું માગીને લક્ષ્મીનારાયણ દેવને અર્થે કરાવશે તથા લક્ષ્મીનારાયણદેવનું માગીને નરનારાયણદેવને અર્થે કરાવશે તેને દેવનો દ્રોહ થાશે. તેણે કરીને તેનું આલોક પરલોકમાં અવલું જરૂર થાશે. કેમ જે એ દેવ છે તે મહારાજ પોતે પુરુષોત્તમનારાયણે બેસાડ્યા છે તે તેનું દૈવત એ દેવમાં છે. માટે એ દેવનું જ ધાર્યું થાશે પણ બીજા કોઈનું ધાર્યું નહિ થાય. એમ સિધ્ધાંત છે તત્ર શ્લોકઃ નાતાસ્યવકશ્ચિતાપાસાાવિદ્યયાવા નયોગવીર્યેણમનીષયાવા ॥ નૈવાર્થધર્મૈઃ પરતઃ સ્વતોવાકૃતંવિહંતં તનુભૃદ્ભિર્ભૂયાત્ ॥૧॥ સુજ્ઞેષુ કિં બહુના.

સંવત ૧૮૮૭ ના કારતક વદી ૯ લેખક શુકમુનિના સાષ્ટાંગ પ્રણામ સેવામાં અંગીકાર કરજો.

સાધુ શિરોમણી સાધુ બ્રહ્માનંદ સ્વામિને પત્ર પોંચે.

**વિવરણ** : ભગવાન શ્રી સ્વામિનારાયણ અક્ષરધામમાંથી આ બ્રહ્માંડમાં પધાર્યા અને જીવોના આત્યંતિક કલ્યાણનો મોક્ષ માર્ગ અનંતકાળ સુધી ચાલુ રહે તે હેતુથી પોતે મંદિરો બનાવી તેમાં પોતાના સ્વરૂપો પધરાવ્યા, પોતાના પછી ગુરુપદે ધર્મવંશી આચાર્યોની સ્થાપના કરી અને શુધ્ધ ઉપાસના સત્સંગ સારું સત્‌શાસ્ત્રોની રચના કરી. પોતે આ જીવોના કલ્યાણને અર્થે આ ત્રણ ગૂઢ સંકલ્પને પરિપૂર્ણ કરીને પછી સ્વધામગન કર્યું.

શ્રીહરિએ સ્વયં શ્રમયજ્ઞ કરીને માથે પથરા ઊંચકીને, સંતો હરિભક્તો સાથે રહીને ખૂબ પરિશ્રમ કરીને સંપ્રદાયમાં અતિ વિશાળ મંદિરોનું નિર્માણ કર્યું. સ્થાપત્ય કલાના બેનમૂન આ મંદિરો ઉપાસનાના કેન્દ્રો બન્યાં. સંત હરિભક્તોના શ્રમયજ્ઞથી નિર્માણ પામેલ આ મંદિરો સદાય કથાકીર્તન આરતી ભજનોથી ગુંજારવ કરે છે. હરિભક્તો અને તીર્થવાસીઓની અવિરત અવરજવરથી ધમધમે છે, તેના કથા મંડપોમાં અવિરત જ્ઞાનવાર્તાની સરવાણીઓ વહે છે, શ્રધ્ધાળુ બાઈભાઈની હંમેશા ભીડ રહે છે, પ્રભાતે સંતોના સુમધુર કંઠે ગવાતાં પ્રભાતીયા સાંભળીને સૂર્યનારાયણને પ્રકાશવાની ઈચ્છા થાય છે અને રાત્રે તેમના કંઠે ગવાતાં પોઢણીઆ સાંભળીને મહાપ્રભુજી યોગનિદ્રામાં સરી પડે છે. આવું અતિ દિવ્ય વાતાવરણ આ મંદિરોમાં હંમેશા રહે છે.

આવાં અનેક મંદિરોના શુધ્ધ, સુચારુ અને પવિત્ર વહીવટને અર્થે શ્રીહરિએ સંપ્રદાયના બે દેશ વિભાગ

કરીને તેમાં ધર્મવંશી આચાર્યપદનું સ્થાપન પોતાના કુળમાં કર્યું. સ્વામિનારાયણ સંપ્રદાયની આ વિશેષતા છે કે, ગૃહસ્થાશ્રમમાં આચાર્યપદનું સ્થાપન થયું છે તેને યોગે કરીને સંતો તેમના ધર્મનિયમ પ્રમાણે સંપૂર્ણપણે ધન-સ્ત્રીના યોગથી દૂર રહી શકે. સંતોએ ત્યાગાશ્રમ સ્વીકારેલ હોવાથી તેમને ફરી વહીવટમાં નાખવા તે ઠીક નહિ એમ વિચારીને શ્રીહરિએ વહીવટ ગૃહસ્થાશ્રમી ધર્મવંશી આચાર્યોને સોંપ્યો અને દેવ સેવાની દેખરેખ સંતો-બ્રહ્મચારીઓને સોંપી. અત્રે ખૂબ નોંધનીય બાબત એ છે કે, આ ધર્મવંશી આચાર્યશ્રી સંપ્રદાયના ગુરુપદે હોવાથી તેઓ જ મુમુક્ષુને મંત્ર દીક્ષા આપી શકે અને તે મુમુક્ષુ ત્યારબાદ સંન્યસ્ત માર્ગે આગળ વધે શકે. આમ કરવાથી શ્રીહરિના વચનના બળે કરીને, તે મંત્રદીક્ષા પામેલા સંતો શ્રીજી આજ્ઞાનુસારે વર્તીને તો વચનસિધ્ધ થાય છે.

શ્રીહરિએ જ્યારે મંદિરોનું નિર્માણ કર્યું ત્યારે અનેક ભક્તરાજોએ તન-મન-ધન-જમીન-મકાન આદિક શ્રીજીને ચરણે ધરીને શ્રીકૃષ્ણાર્પણ કરેલું. પણ તેમાંના કોઈએ ક્યારેય આ મંદિરો ઉપર કોઈ પ્રકારે માલિકી હક્ક કરેલો નહિ. તેમણે કોઈએ ટ્રસ્ટીઓ, ખજાનચીઓ વગેરે થવાની ખેવના રાખેલી નહિ. તે સમયના રાજા રજવાડાઓએ પણ મંદિરોને ઘણી મદદ કરેલી પણ મંદિરની આવક-જાવકના હિસાબ માંગેલા નહિ. આ બધું શ્રીજી વચન-આજ્ઞાને અનુસારે ધર્મવંશી આચાર્યો સંતો અને હરિભક્તો સુપેરે ચલાવતા. આજના વિષમ સમયમાં સરકારી દખલગીરીઓ વધી છે, જેને સત્સંગ સાથે કાંઈ લેવા દેવા નથી તેવી વ્યક્તિઓ અમલદારો તરીકે બેઠી છે, મંદિરમાંના દેવના દૈવતને બદલે મંદિરની આવકને અગ્રિમતા અપાય છે ત્યારે હરિભક્ત તરીકે આપણે આ બધામાં ન પડતાં માત્ર જે તે દેવની સામું નજર રાખવી અને શ્રીહરિના વચનોમાં દૃઢ વિશ્વાસ રાખી તે પ્રમાણે વર્તવું.

આ વહીવટને અર્થે તો શ્રીહરિએ સ્વયં દેશવિભાગનો લેખ લખાવડાવ્યો જે સંપ્રદાયનું બંધારણ છે. તેમાં ધર્મવંશી આચાર્ય, સંતો હરિભક્તોએ કેમ વર્તવું તેની સ્પષ્ટ આજ્ઞાઓ છે અને તેમ ન કરવાથી શું થાય તેની ચેતવણી પણ છે. સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત સત્સંગી માત્રે આ દેશ વિભાગનો લેખ અવશ્ય વાંચવો અને તે જ પ્રમાણે વર્તવું. આ લેખિત પ્રબંધ પ્રમાણે કોઈપણ સત્સંગી હરિભક્તે, જ્યારે બંને દેશોમાંથી કોઈપણ દેવને, જંગમ ચીજવસ્તુ અર્પણ કરી હોય ત્યારે, તે ચીજ-વસ્તુ જે તે દેવની જ ગણવી. બંને દેશોમાં પધરાવેલ દેવો પરત્વેની આસ્થા-શ્રધ્ધાને પરિણામે જ્યારે હરિભક્ત જે તે દેવની માનતાને અર્થે થાળને અર્થે, ભેટ-બક્ષિસ દેવાને અર્થે, જ્યારે કંઈપણ જંગમ મિલકત ધન-ધાન્ય-પશુ આદિક અર્પણ કરે ત્યારે તે જે દેવને અર્થે અર્પણ કર્યું હોય, તે દેવની જ તે મિલકત ગણાય.

આજના યુગની ભાષા પ્રમાણે કહીએ તો, જંગમ મિલકતની બક્ષિસના સંદર્ભમાં બક્ષિસ કર્તા ક્યા દેશનો રહેવાસી છે તે બાબત અપ્રસ્તુત છે પણ તે બક્ષિસ ક્યા દેવને અર્પણ કરી છે તે મુખ્ય બાબત છે. આવી બક્ષિસ જે દેવનો અર્પણ કરી હોય તે દેવની મિલકત ગણાય.

સ્થાવર મિલક્તોની બક્ષિસના સંદર્ભમાં બક્ષિસ કરવાની મિલકત ક્યા દેશમાં આવેલી છે તે મહત્વનું છે તે જે દેશમાં આવેલી હોય તે દેવની જ આ સ્થાવર મિલકત ગણાય તેથી જો કોઈ હરિભક્ત નરનારાયણદેવ દેશમાં આવેલી સ્થાવર મિલકત જમીન-મકાન લક્ષ્મીનારાયણ દેવને અર્પણ કરવા માંગતો હોય તો, તેણે તેટલા દ્રવ્યની બક્ષિસ કરાય પણ સ્થાવર મિલકત આપી હોય તો તે પાછી નરનારાયણદેવ દેશના આચાર્યશ્રીને હવાલે કરી દેવી પડે. તેથી સમજુ શાણા હરિભક્તોએ દેવને સ્થાવર-જંગમ મિલકતો અર્પણ કરતી વખતે દેશ વિભાગના લેખના આ પ્રબંધોનો અચૂક ખ્યાલ રાખવો. જેથી જે તે દેશના ધર્મવંશી આચાર્યો અને વહીવટકર્તાઓને પણ સુગમતા રહે.

આ શ્રીજી આજ્ઞાઓ લેખિતમાં છે તેની ફરી વખત આ પત્રમાં યાદ અપાવીને સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી આજ્ઞા પાલનનો ખટકો દર્શાવે છે. શ્રીજીના સ્વધામગમન પછીના માત્ર પાંચેક માસના સમય બાદ, સંપ્રદાયના મોટેરા ત્યાગી, બંને દેશના મધ્યસ્થી એવા યોગીરાજ ઐશ્વર્યમૂર્તિ શ્રી ગોપાળાનંદ સ્વામી લખાવે છે કે, આ રીત્યને જે ભાગશે તેને દેવનો દ્રોહ થશે. શ્રીજી સ્થાપિત આ

સ્વરૂપો પરાત્પર પરમાત્મા સ્વયં શ્રીહરિનાં છે તેથી સ્વયં શ્રીહરિનો દ્રોહ થાય છે અને તેથી જ આપણને ચેતવતાં લખાવે છે કે તેનું અવળું જરૂર થાશે. શબ્દોને ખૂબ ધ્યાનથી વાંચતા વિચારતાં જણાશે કે આલોક અને પરલોક બંને જરૂર બગડશે જ. આ લોકમાં સુખી થાવા જે અવલાસવલું બતાવશે તેને અહીં પણ સુખ નહીં જ મળે અને પરલોકમાં પણ તેનું કલ્યાણ નહિ જ થાય. દેશ વિભાગના લેખની આજ્ઞાઓની બહાર વર્તનારાના શા હાલ થશે તેવું તેઓશ્રી સ્પષ્ટપણે લખાવે છે. જેના સ્થાપેલા હનુમાનજી મહારાજ પણ હાજરાહજુર આજે પણ વાતો કરે છે, તે મહાન પુરુષના આ શબ્દોને, આ ચેતવણીઓને સદા નજર સમક્ષ રાખવી.

વળી તેઓશ્રી લખાવે છે કે શ્રી નરનારાયણ, શ્રી લક્ષ્મીનારાયણાદિક દેવો તો મહારાજ પુરુષોત્તમનારાયણે પોતે જ બેસાડ્યો છે તે તેનું દૈવેત એ દેવમાં છે. શ્રીહરિ તો સર્વ અવતારના અવતારી છે. અનંતકોટી બ્રહ્માંડના ધણી છે, કાળમાયાદિક શક્તિઓના નિયંતા છે, કર્મફળપ્રદાતા છે, કારણના કારણ છે. આ તેમની મોટ્યપ સામુ જોઈએ ત્યારે આપણને તેમણે પ્રતિષ્ઠિત કરેલ દેવનો મહિમા સમજાય. સ્વામીશ્રી લખાવે છે તેમ આવા મોટા પુરુષોત્તમ નારાયણનું દૈવેત તે દેવમાં છે. એટલે તો આજે પણ આ દેવોને ઉંબરે માથું મનાવીને, તન મસ્તકે પ્રાર્થના કરીને, શ્રધ્ધાથી માંગેલી કોઈ ચીજવસ્તુ એવી નથી કે ભક્તજનને પ્રાપ્ત ન થઈ હોય. આ લોકમાંની સંપત્તિ અને પરલોકનું આત્યંતિક કલ્યાણ આપવા માટે આ દેવો સ્વયં શ્રીહરિએ સ્થાપ્યા અને તેમાં રહીને હરિભક્તોની સર્વે મનોકામના પૂર્ણ કરવાનું વચન આપેલું છે. સમજુ શાણા અને વિવેકી ભક્તજનોએ આ દેવોને મૂકીને અન્યત્ર ક્યાંય જવું નહિ. પોતાની શ્રધ્ધાને આ દેવો સિવાય અન્ય કોઈના ચરણે ધરીને અભડાવું નહિ. આ વચન પરાત્પર પુરુષોત્તમ નારાયણનું છે અન્ય કોઈ માયાના જીવનું નહિ. સ્વામી લખાવે છે તેમ ધાર્યું તો આ દેવોનું જ થશે. પણ અન્ય કોઈનું ધાર્યું થશે નહિ. માટે એક હરિભક્ત તરીકે આપણે જે પણ કાંઈ માંગવું હોય તે અહીં જ માગવું. કેમ કે તેમની ઈચ્છા સિવાય કશું થવાનું નથી. તો પછી શા સારુ બીજે માથાં કુંટવાં ? તે વિચાર કેન્દ્ર સ્થાને રાખવો. કદાચ આપણાં ખૂબ કઠણ કર્મ હોય અને તેથી આપણી માગણી સંતોષાતા સમય લાગે તો પણ, આપણે આપણી શ્રધ્ધા-નિષ્ઠા ડગવા દેવી નહિ તેને મહારાજની મરજી જાણી તેમાં રાજી રહેવું. જો આપણા હિતમાં હશે તો આપણી ઈચ્છા દેવ જરૂર પૂરી કરશે જ તેમાં શંકા નથી. આપણે માત્ર વિવેક બુદ્ધિ ન ગુમાવવી જ્યાં. ત્યાં માથા નમાવી, ગમે તેને ગુરુપદે સ્થાપી, ગમે તેની કંઠીઓ દોરા ધાગા અને માદળીયા ડોકમાં લટકાવવાથી આપણો આ લોક અને પરલોક બંને બગડશે તે સ્પષ્ટ છે. શ્રીજી આજ્ઞાના પાલનનો આ ખટકો મોટેરા સંતો અને હરિભક્તો પણ રાખતા. આપણે પણ તે જ રસ્તે ચાલવું.

અંતમાં તેઓ લખાવે છે કે આ સિદ્ધાંત છે. અર્થાત્ આજે તેમણે લખાવ્યું છે તે જ સંપૂર્ણ સત્ય છે તેમાં ક્યારેય કોઈ સમાધાનને અવકાશ નથી. શ્રીહરિનો મહિમા વિચારીને તેમણે સ્થાપેલા દેવોનું મહાત્મ્ય સમજવું અને પછી તેમણે સ્થાપેલા ધર્મવંશી આચાર્યોનો મહિમા સમજવો અને તેઓશ્રીએ લખાવડાવેલા દેશવિભાગનો લેખ વારંવાર વાંચી-સમજી તેમાંની આજ્ઞાઓ પ્રમાણે જ વર્તવું. આટલું આપણને જણાવવા માટે આ સંતવર્યે આ પત્ર લખાવ્યો છે.

પત્રમાંના હસ્તાક્ષરો સ.ગુ. શ્રી શુકાનંદ મુનિના છે, લખાવનાર યોગીરાજ શ્રી ગોપાળાનંદ સ્વામી છે અને અમદાવાદ દેશના મોટેરા સંતશિરોમણી સ.ગુ.શ્રી બ્રહ્માનંદ સ્વામી પ્રત્યે આ પત્ર લખાવ્યો છે. આ ત્રણે સદ્‌ગુરુઓ સંપ્રદાયનું આભૂષણ હતા. વચનસિધ્ધ હતા અને શ્રીહરિના વચનામૃતોને ગ્રંથસ્થ કરવામાં પણ સાથે જ હતા. આવો મહિમા જાણી અસલ આ પત્ર સર્વ હરિભક્તોના દર્શનાર્થે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના હોલ નં. ૯ માં મૂકવામાં આવેલ છે. તેનાં સૌ દર્શન જરૂર કરજ્યો અને શ્રીજી આજ્ઞાઓને વાંચી વિચારીને અમલમાં મૂકજો અને રાજી રહેજ્યો.

# હરિભક્તના વંશજોને સુખ આપતા ભગવાનનાં વંશજ

શ્રીજી મહારાજે અનંત જીવોને પોતાના ધામનું સુખ આપવા અનેક ઉપાય કર્યા. અનેક મંદિરો બાંધ્યા અનેક ઉત્સવ સમૈયાઓ કર્યા અનેક સદાવ્રતો બાંધ્યા. બ્રાહ્મણોની ચોર્યાસીઓ કરાવી. સ્વામિનારાયણ ભગવાનને બ્રાહ્મણો ખૂબ વ્હાલા હતા. શ્રીજી મહારાજ વારંવાર બ્રાહ્મણોને પોતાના હાથે જમાડતા અને યોગ્ય દક્ષીણાઓ પણ આપતા. એક વખત શ્રીજી મહારાજ નાંદોલ ગામે પધાર્યા હતા. સ્વામિનારાયણ ભગવાને ત્યાંના બ્રાહ્મણોની ચોર્યાસી કરાવવાનો સંકલ્પ કર્યો. ત્યાંના આગેવાન બ્રાહ્મણોને બોલાવવામાં આવ્યા. ત્યાંની નાની ખડકી અને મોટી ખડકીના આગેવાન બ્રાહ્મણો આવ્યા. ભગવાને પોતાનો સંકલ્પ તેમને જણાવ્યો. પરંતુ તેઓમાં અંદરો અંદર સંપ ન હતો. તેથી તેઓએ ભગવાનનું વચન માન્યું નહી. અને ચોર્યાસીમાં જમવા માટે આવ્યા નહી. તેજ વખતે શ્રીજી મહારાજે સલકી ગામના ઠાકોર હરિભક્તોને બોલાવ્યા. અને તેઓને જનોઈ પહેરાવી દીક્ષા આપી બ્રાહ્મણ બનાવ્યા. તેઓને ભગવાને પોતાના હાથે જમાડી અને યોગ્ય દક્ષિણા પણ આપી. ભગવાનનું અલૌકિક સુખતો જેના ભાગ્યમાં હોય તે જ લઈ શકે છે. સલકી ગામમાં શ્રીજી મહારાજ એક માસ સુધી રોકાયા હતા.

**"કોઈક ગામમાં જઈને આવે,**
**કોઈ ગામમાં રાત રોકાવે**
**રાખ્યો ઉતારો સલકી ગામે,**
**એવું સુખ આપ્યું સુખધામે."**

(શ્રી. પૂ. ચરિત્ર પુષ્પમાળા પુષ્પ-૭)

ત્યાં શ્રીજી મહારાજ, સંતો, હરિભક્તો સાથે ખારી નદીમાં સ્નાન કરવા જતા અને ત્યાં ઋણમુક્તેશ્વર મહાદેવ પણ પ્રસાદીના છે. ત્યાંના હરિભક્ત દયાળજીભાઈ ઠાકોર અને આદરજનાં રતુ ખાંટ જ્યાં જ્યાં ઉત્સવ સમૈયા થતા ત્યાં ત્યાં સંગાથે જ સેવામાં જતા. તેઓની હાંક ચારેબાજુ વાગતી હતી. તેથી જ ઉત્સવ સમૈયામાં તેઓ ચોકી પહેરો ભરવાની સેવા બજાવતા. એવા દયાળજીભાઈ ઠાકોરના સ્નેહને વશ થઈ શ્રીજી મહારાજ એક માસ પર્યંત ત્યાં રોકાયા. આમ સલકી ગામ મહાભાગ્યશાળી પ્રસાદી ભુત બન્યું.

એવા દિવ્ય સલકી ગામમાં કે જ્યાં શ્રીજી મહારાજે પોતાના હસ્તે ત્યાંના હરિભક્તોને જમાડ્યા હતા. એજ પ્રસાદીભૂત સ્થાનમાં તા. ૨૦-૧૦-૧૪ ના રોજ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા આશીર્વાદથી સલકી ગામના તમામ બાળકોને આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ તેમજ સૌના લાડીલા એવા પૂ. શ્રીરાજાએ પધારી પોતાના હસ્તે પીરસીને જમાડ્યા હતા. (કલ્પના તો કરો કે જે સુખ ભગવાન હરિભક્તોને આપતા હતા આજે તેજ સુખ હરિભક્તોના વંશજોને ભગવાનના વંશજ આપી રહ્યાં છે.) ત્યારબાદ તમામ બાળકોને દિવાળીના તહેવારે પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પૂ. શ્રીરાજાએ ફટાકડા અને ચોકલેટ પોતાના હસ્તે આપી ત્યારે બાળકોના હૃદય પુલકિત થઈને રોમાંચ અને ગદ્‌ગદિત થઈ આનંદમાં ગરકાવ થઈ ગયા.

માણસ હમેશાં પોતાના સુખનો વિચાર પહેલા જ કરે છે. પણ આ તો ભગવાનના દીકરા ! માણસનો સ્વભાવ કેવો હોય તો દિવાળી આવવાની હોય તો પોતાના માટે ફટાકડા, કપડા લાવવાનું વિચારે પણ ક્યારેય બીજા માટે વિચાર પણ ન કરે. પણ આ તો ભગવાનનું કુળ ધર્મકુળ જે હંમેશા દરેકના સુખ માટે વિચારે. નાનામાં નાનો હરિભક્ત પણ તેમની અમિ દૃષ્ટિથી દૂર ન હોય. તે પછી ભલે ને નાનકડા છેવાડાના ગામમાં રહેતો હોય. એટલે જ તો વિચારો ઘણા હરિભક્તોએ સલકી ગામનું નામ પણ સાંભળ્યું નહી હોય. તે ગામનાં હરિભક્તોને તથા ત્યાનાં બાળકોને જમાડવાનો શુભ સંકલ્પ આપણા પ.પૂ. ગાદીવાળાશ્રીના મનમાં થયો. અને પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પૂ. શ્રીરાજાએ તેને સાર્થક કર્યો.

સલકી ગામના હરિભક્તોના ઘર ભલે નાના હશે પણ તેઓનું હૃદય ખૂબ વિશાળ છે. જેના પુણ્ય પ્રતાપે આજે ભગવાનના આઠમાં વંશજ તેમના ગામમાં પધારી અને આવું દિવ્ય અલૌકિક સુખ આપ્યું. ધન્ય છે ગામને અને ત્યાંના ધર્મકુળ આશ્રિત હરિભક્તોને !

# ધર્માદો અર્પણ કરવા અંતરાયરૂપ લોભ

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું સત્સંગ સભા મધ્યે આશીર્વચનમાં એક વાક્ય છે કે ઘણા હરિભક્તો શિક્ષાપત્રીના ઘણા શ્લોકોનું પાલન કરે છે. પરંતુ જ્યાં ધર્માદાની વાત આવે ત્યાં કોઈ સામું જોતું નથી.''

આવું કેમ થાય છે ? પ.પૂ. મહારાજશ્રીના આ વચન ઉપર વિચાર કરીએ તો નિશ્ચે એવું જણાય છે કે મહાબળવાન અંતઃશત્રુ લોભ અંતરાયરૂપ થાય છે. ભક્તજનો ! અંતઃશત્રુઓને આપણે હાર પમાડીએ ત્યારે જ આપણે મહારાજને સાચા અર્થમાં સર્વોપરી જાણ્યા ગણાશે. જગતના મનુષ્યો એક બીજાના દોષ જોયા કરતા હોય છે કે ફલાણા ભાઈ બહું લોભી છે, કંજૂસ છે, પરંતુ હકીકતમાં જોઈએ તો પોતાના વ્યવહાર ખર્ચમાં કર કસર કરવી કે સાદાઈથી જીવન જીવવું એ લોભનું રૂપ નથી. પરંતુ દેવનો દશાંસ-વિશાંસ રૂપ ધર્માદો પોતાના ઘરખર્ચમાં વાપરી નાંખવો એ જ લોભનું સાચું રૂપ છે. મહારાજે શિક્ષાપત્રી 'સર્વ જીવ હિતાવહ' લખી છે. માટે પૃથ્વી પરના તમામ ગૃહસ્થ મનુષ્યોને ધર્માદાની વાત લાગુ પડે છે. પરંતુ શ્રીજી મહારાજના આશ્રિતોને આ આજ્ઞા વિશેષપણે કરીને લાગુ પડે છે. મહારાજના ઘણા આશ્રિતો સત્સંગિજીવન ગ્રંથમાં લખેલા સૂક્ષ્મ ધર્મ નિયમોનું પણ પાલન કરતા હોય છે. બહુ સારી વાત છે પરંતુ એ જ ભક્તો જો દેવને નિયમપૂર્વક ધર્માદો અર્પણ ન કરતા હોય તો એકાંતિકની વ્યાખ્યામાં અવાતું નથી.

શ્રીહરિ કહે છે. વડતાલમાં મોટું મંદિર છે. શ્રીનગર (અમદાવાદ)માં પણ નરનારાયણદેવનું એવું જ મંદિર છે. હરિચરિત્રામૃત સાગર ગ્રંથમાં મહારાજના શબ્દો છે કે દશમો ભાગ હરિને અર્પણ કરવાનો શાસ્ત્રમાં કહ્યો છે તે આપવો જ જોઈએ, નહિ તો ગૃહસ્થને પંચ પાપ લાગે છે. તેનું જે નિવારણ નથી કરતાં તેને તે પાપ દિવસે દિવસે દશ ઘણું વધે છે. અમે તમને આ વાત જો કહી દેખાડીએ નહિ, તો અમને પાપ લાગે. હરિનું છે માટે હરિને શું આપવાનું ? એવું કહે તેને કૃતઘ્ની સમજવો. સમર્થ થઈને લોભ કરે અને સુમાર્ગે વાપરે નહિ તેનું ધન કુમાર્ગે જાય છે. તેનું ફળ મહાપાપરૂપે ભોગવવું પડે છે.

શ્રીજી મહારાજના સત્સંગિજીવન આદિક ઘણા ગ્રંથોમાં વચનો છે કે, કામ, ક્રોધ અને લોભ એ ત્રણે શત્રુ મનુષ્યને નર્કમાં અને સંસૃતિમાં લઈ જાય એવા મહાદુષ્ટ છે. તેમાં પણ લોભ અતિશે દુર્જેય શત્રુ છે. લોભથી કામ, ક્રોધ, મોહ, ઈર્ષ્યા, મત્સર, દંભ, છળ, કપટ, માન, વિશ્વાસઘાત ઈત્યાદિ પાપ પ્રવર્તે છે. લોભથી ચોરી, હિંસા, અસત્ય, અહંકાર, વૈર, વ્યસન, સ્પર્ધા, મદ એવાં અનેક દુષ્ટ કર્મ થાય છે. લોભમાં રહેલા અને નરકને પમાડનારા અનંત દોષો છે. લોભ પાપનું ભવન છે. પાપમાં પ્રવૃતિ કરાવનાર લોભ જ છે.

વિત્ત વગેરેના લોભથી જ મનુષ્યો પોતાના કન્યાદિનો વિક્રય કરી નીચના ઘેર પરણાવે છે. પુત્રાદિનો પણ વિક્રય થાય છે. અક્ષમા, લજ્જાત્યાગ, શોભાનો ત્યાગ, સદાચાર નાશ, ચિંતા, અપકીર્તિ, નિંદા, વૈરાગ્યનો અભાવ, દાનનો અભાવ, અતિતૃષ્ણા, આત્મશ્લાઘા, અયોગ્યાચરણ, ગુરુવેદાદિ વાક્યોમાં વિશ્વાસનો અભાવ, પરદારા નિગમન, દીનતા અને સાહસનો વેગ, અતિ કઠણ મૃત્યનો વેગ, અનિવાર્ય રસાસ્વાદનો વેગ - આ સર્વ દોષ સમુદાય લોભ થકી પ્રવર્તે છે. આથી લોભ સર્વ પાપોનું મૂળ છે. લોભમાં રહેલા દોષો પોતાના મોક્ષમૂલક પરમાર્થને નાશ કરનારા છે. લોભ વડે મોટા મોટા તપસ્વી ઋષિઓ, દેવ, દૈત્ય, મનુષ્ય એ સર્વની દુર્દશા થઈ છે. માટે મુમુક્ષુએ ભગવાનની ભક્તિમાં વિઘ્નરૂપ જાણીને એ લોભરૂપ મહાદોષોનો સર્વ પ્રકારે ત્યાગ કરવો.

જે દ્રવ્યાદિ પદાર્થનો લોભ કરાય છે તે વસ્તુઓ નાશવંત છે. જે શરીરના સુખ માટે લોભ કરાય છે. તે શરીર ક્ષણભંગુર છે. દેહ દ્રવ્ય આદિનું અસત્યપણું હોવા

છતાં પણ લોભથી જે જે પાપ ક્રિયાઓ દેહધારી આચરણ કરે છે તે કર્મો સત્યરૂપે થઈ કર્તા જીવમાં પરિણમે છે. પરિણામ પામેલા કર્મોથી નાના પ્રકારના નરકોને દેહી પામે છે અને વારંવાર શ્વાન - સુકરાદિ યોનિઓને પામે છે. મહારાજ ત્યાગીઓને પણ કહે છે કે, ત્યાગીજન સર્વ પ્રકારે દ્રવ્યનો સંગ્રહ ન જ કરે, તે દ્રવ્ય પોતાનું કરીને બીજા દ્વારા રખાવે નહિ.

ધર્મવંશી આચાર્યશ્રી પાસેથી ગુરુમંત્ર લીધા પછી જ ભગવાનની ભક્તિ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. માટે જેમ દેવને ધર્માદો અર્પણ ન કરવો તેમ જ વાર્ષિક નામ વેરો ભેટ (હાલમાં વ્યક્તિ દીઠ રૂા. ૧૦/-) આપણા સૌના મોક્ષમાર્ગી ગુરુ એવા ધર્મવંશી આચાર્યશ્રીને અર્પણ ન કરવી એ પણ લોભનું જ રૂપ છે. માટે પોતપોતાના દેશના મુખ્ય મંદિરમાં નામ-ધર્માદો નિયમિત અને સંપૂર્ણ તેમજ બંધારણ અને વ્યાખ્યા પ્રમાણે, લોભ કર્યા વિના ખૂબ જ પ્રેમથી અર્પણ કરીએ એ જ અભ્યર્થના.

અનુ. પેજ નં. ૭ પરનું

છતાં) મેદાજી હેમાજી ચૌધરીને ત્રણ હજાર કીર્તન કંઠસ્થ છે. ચાર દિવસ સુધી દિવસ રાત કીર્તનો અખંડ ગાય પણ એકવાર ગાયેલું કીર્તન ફરી ના આવે. તેમાં નંદ પંક્તિના સંતો અષ્ટ કવિ વિના કોઈની રચના બોલે નહી. બીજા નવી વાલીના સમરતાજી ચૌધરીને બે હજાર કીર્તન કંઠે છે. આવા ભોળા ભલા પવિત્ર હરિભક્તોનાં એકવાર દર્શન અને પ્રત્યક્ષ પ્રગટ કષ્ટભંજન હનુમાનજીનાં દર્શન કરે તો ગુજરાતીઓનો ગર્વ ઉતરી જાય.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ભક્ત ચિંતામણી પ્રકરણ ૧૨૦ લખ્યું કે મોટા ભક્ત મારુ દેશના અને મોટા જેના મન, અંગકુસંગને ઓળખી, વળી થયા હરિના જન॥

સ્વામીએ ૨૪ ચોપાઈઓમાં વાલી પ્રદેશ (મારુદેશ) એટલે કે મારવાડના હરિભક્તોના ગામ અને નામો લખ્યા છે. વાલી જવા માટે મહેસાણા, પાલનપુર, ડીસા, ધાનેરા, સાંચોરથી જવાય છે. (વિશેષ વિગત પછી કહીશું.)

## શ્રી નરનારાયણદેવ મહોત્સવમાં વિદેશથી પધારનાર હરિભક્તોની વ્યવસ્થા અંગે

જયશ્રી સ્વામિનારાયણ સહ વિદેશમાં વસતા સૌ ભક્તોને ખૂબ ખૂબ જયશ્રી સ્વામિનારાયણ. આપ સૌ જાણો છે કે આપણો શ્રી નરનારાયણદેવ મહોત્સવ તા. ૨૪-૧૨-૧૪ થી તા. ૨૮-૧૨-૧૪ પર્યંત ખૂબ ધામધૂમથી ઉજવાનાર છે. આપ સૌ ભક્તો આ ઉત્સવમાં અવશ્ય પધારવાના જ છો. જે ભક્તો આ ઉત્સવમાં પધારવાના હોય એ ભક્તોએ નીચેના પ્રતિનિધિઓને પોતાના આગમનની વિગત જણાવવી તથા જે કોઈ ભક્તોને ઉતારાની જરૂરીયાત હોય તેમણે પણ ખાસ જણાવવું. જેથી આપ સૌની યોગ્ય વ્યવસ્થા થઈ શકે. આપની સર્વે વિગતો જણાવવા આગ્રહભર્યો અનુરોધ છે.

**નીચેના હરિભક્તોનો સંપર્ક કરવો**

- જગદીશભાઈ પટેલ (શિકાગો - અમેરિકા)
- પ્રકાશભાઈ પટેલ (કલિવલેન્ડ - અમેરિકા)
- અશોકભાઈ હિરાણી (માંડવીવાળા - લંડન)
- ધીરજભાઈ (કેન્ટોન - હેરો - લંડન)
- અવનીશભાઈ (વિલ્સડન - લંડન)
- ભીખાભાઈ વેલજી ગોરસીયા (ઈસ્ટ આફ્રિકા)
- પરબતભાઈ પ્રેમજી વેકરીયા (નૈરોબી) (તાબાનું)
- વિષદ દવે (સીડની - ઓસ્ટ્રેલીયા)
- ભીમજી રાબડીયા (સીડની - ઓસ્ટ્રેલીયા)
- દીપકભાઈ રાઘવાણી (મેલબોર્ન - ઓસ્ટ્રેલીયા)
- રમેશભાઈ વરસાણી (એડીલેડ - ઓસ્ટ્રેલીયા)
- પ્રીતેશ હિરાણી (પર્થ - ઓસ્ટ્રેલીયા)
- પ્રેમજીભાઈ ખેતાણી (પર્થ - ઓસ્ટ્રેલીયા)
- મહેશભાઈ રત્ના (મુટીસ - ન્યુઝીલેન્ડ)
- બિપીનભાઈ ઠક્કર (ભગત) (ન્યુઝીલેન્ડ)

# વડા થયા વચનથી

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી ભક્તચિંતામણીનાં ૮૯ માં પ્રકરણમાં લખે છે :

**શશી, સૂરજ, શેષ, સિંધુ, સર્વે રહે અમારા વચનમાં,**
**વારિ, વસુધા વહનિ, મરૂત ડરે વળી મનમાં.**
**ભવ, બ્રહ્મા ભૂલે નહિ, ડરે વચનથી દિગપાળ,**
**સુરાસુર ઇંદ્ર, અંબા કંપે વચનથી કાળ.**
**તેહ સર્વે એમ જાણે જે, વડથયા વચનથી,**
**એવાં વચન આજનાં, તમે જાણ્યાં છે કે જાણ્યાં નથી.**

માટે;

**આગન્યા વિના જે આવવું, તેમાં રાજી અમે નહિ રતી,**
**વચન પ્રમાણે જે વરતે તે ઉપરે પ્રસન્ન અતિ.**

શ્રીહરિનાં વચન એ બહુ મોટી વાત છે. સૂર્ય, ચંદ્ર શેષનાગ, સમુદ્ર, પૃથ્વી - એ સર્વે એમનાં વચનમાં રહે છે અને વર્તે છે. ભવ, બ્રહ્માદિક સુર, અસુર આ સર્વે શ્રીહરિનાં વચન ભૂલતાં નથી. વચનથી દિગપાલ ડરે છે અને કાળ પણ કંપે છે. સૃષ્ટિનાં આ સર્વે નિયામકો પરમાત્મા શ્રીહરિનાં વચન પ્રમાણે જ વર્તે છે અને એમ જાણે છે કે અમારું વડપણ અમારી મોટપ એ પરમાત્મા શ્રી પુરુષોત્તમ નારાયણનાં વચન પાલન થકી જ છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રવર્તાવેલો આપણો આ સત્સંગ એ ''વચનશીલતા'' અને ''વચનબધ્ધતા'' એમ બન્ને રીતે ખૂબ ઊજળો છે. આ બંનેને અરસપરસ અન્વયપણું છે. પરમાત્મા શ્રીહરિ સદાય વચનશીલ છે. એમની સાચી શરણાગતિ સ્વીકારીએ એટલે એમનું અભયવર પ્રાપ્ત થયું જ સમજો. પરંતુ એ ક્યારે કે જ્યારે આપણે એમનાં વચન પ્રમાણે વર્તીએ ત્યારે ! એટલે કે એમનાં વચનોથી બંધાયેલા રહીએ - વચનબધ્ધ બનીએ ત્યારે ! વચનો પાળવા જેટલો પુરુષ પ્રયત્ન તો આપણે બધાયે કરવો જ રહ્યો, તો જ શ્રીહરિની વચનશીલતા આપણા માટે ઉજાગર બનશે. વચનની કિંમત ખૂબ ગણાય છે. જેમ કે તરફડતો હોલો જ્યારે શીબીરાજાનાં શરણમાં આવ્યો ત્યારે શીબીરાજાએ પ્રાણનાં ભોગે પણ તેનું રક્ષણ કરવાનું વચન આપ્યું અને સમર્થનાં વચનથી હોલાને હવે કોઈ વાતે ડર ન રહ્યો કે હિંસક બાજપક્ષી હવે મારું બગાડી શકશે !

સર્વોપરી શ્રીજી મહારાજે કંડારેલા આપણા સંપ્રદાય અને પ્રવર્તાવેલા સત્સંગમાં શ્રીહરિના વચનામૃતો તથા શિક્ષાપત્રીનાં ઉપદેશાત્મક આજ્ઞારૂપી વચનો - આ બંને એમનાં વાંગ્મય સ્વરૂપ છે. એ વચન સ્વરૂપોને અંતરમાં ધારીને એમની આજ્ઞામાં વર્તવું. એમાં જ આપણું શ્રેય છે.

એમનાં સાચા આશ્રિતજન બની રહેવા માટે આપણે સૌએ વચનબધ્ધ થવાનું છે. એમણે કંડારેલી કેડીથી આઘા પાછા થવાનું નથી. સત્સંગનો મારગ તો છે શૂરાનો - અહીં કોઈ કાયરની જેમ લબાડવેડા નહીં ચાલે - લલોપચો રાખવાનો નથી. શ્રીહરિએ તો બધું જ સ્પષ્ટ કરીને આપ્યું છે.


''આ અમે પધરાવેલ મૂર્તિઓ - જેમાં અમે અખંડ નિવાસ કરીને રહીએ છીએ - આ અમે સ્થાપેલ સંપ્રદાયનાં બે પીઠ સ્થાનો અને આ અમે માન્ય કરેલા ધર્મવંશના આચાર્યશ્રી અને આ અમારી આજ્ઞા પ્રમાણે વર્તતુ સંતવૃંદ અને આટલાં અમારાં સત્શાસ્ત્રોં.''

બાકી શું રાખ્યું છે ? સ્પષ્ટ વાત કરી છે. પરંતુ ઠોઠ નિશાળિયાની જેમ જો ગળે જ ઉતારવું ન હોય તો શ્રીહરિએ તો સ્પષ્ટ જ કહ્યું છે કે,

**''એવાં વચન જો જાણો અમારાં તો પાળો સહુ સુજાણ,**
**એવું ન મનાય અંતરે તો કેમ માન્યું છે કલ્યાણ.''**

સત્સંગી માત્રનાં જે માન-મોટપ છે તે વચન પાળવા થકી જ છે. બ્રહ્માંડોના અધિપતિથી લઈને સૃષ્ટિનાં સર્વે નિયામકો પણ જ્યારે શ્રીહરિનાં વચન થકી જ ઉજળા છે અને વડા થયા વચનથી એમ જ સમજે છે ત્યારે આપણે તો એટલું જ સમજવું કે શ્રીહરિનાં વચન પાળવા થકી જ વડા થવાય છે અને તો જ કલ્યાણ છે.

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી




## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ઓડિયો ગાઈડપોટ

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દિવાળીમાં ઘણા હરિભક્તો અને અન્ય લોકોએ મુલાકાત લીધી હતી. સૌનો એક જ સૂર હતો ''ન ભૂતો ન ભવિષ્યતિ'' પરંતુ પ.પૂ.મોટા મહારાજશ્રીનો પહેલેથી આગ્રહ રહ્યો છે કે મ્યુઝિયમમાં આવનાર દર્શનાર્થીને કોઈ પણ જાતની તકલીફ ન પડવી જોઈએ અને વધુમાં વધુ સુવિધા ઉપલબ્ધ કરાવવી. તે વચનોને શિરમોર રાખી મ્યુઝિયમમાં આવનાર દરેકનું સુપેરે ધ્યાન રખાય છે. મ્યુઝિયમમાં પ્રદર્શિત કરાયેલ પ્રસાદીની વસ્તુઓની માહિતી આપતું એક ઓડિયો ડીવાઈઝ તાજેતરમાં બનાવી દર્શનાર્થીઓ માટે ઉપલબ્ધ કરાયું છે.આ ડીવાઈઝ એટલેકે ટેબલેટમાં એક એપ્સ બનાવી ઈન્સ્ટોલ કરાઈ છે. અને દર્શનાર્થીઓ માત્ર ટોકન ફી આપી તે લઈ અને કોઈ પણ પ્રસાદીની વસ્તુ સામે રાખે ત્યારે તેમા રખાયેલ કેમેરા દ્વારા તે વસ્તુ તેના ટેબ્લેટના સ્ક્રીન પર દેખાય છે અને તેને ટેબ્લેટ સાથે અપાયેલ હેડફોનમાં ગુજરાતી અથવા અંગ્રેજી (જે શરૂઆતમાં અપાયેલા ઓપ્સનમાં સિલેક્ટ કરાયુ હોય તે) તે વસ્તુની માહિતી સુમધુર અવાજમાં સાંભળવા મળે છે. જેથી તે વસ્તુનું મહત્વ, શ્રીજી મહારાજે

---

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**

કયા સ્થળે ઉપયોગમાં લીધેલ વગેરેની જાણકારી પ્રાપ્ત થાય છે. દુનિયા ભરના મ્યુઝિયમમાં આ રીતની સગવડ સૌ પ્રથમ વાર આપણા મ્યુઝિયમમાં પ્રાપ્ત કરાઈ છે જે આપણે સૌ હરિભક્તોને ગૌરવ લેવા જેવી વાત છે. ભવિષ્યમાં આજ ટેબ્લેટમાં ઉડી દ્વારા તે વખતના જેતે પ્રસંગો પણ દર્શાવવામાં આવનાર છે. દા.ત. જીતબાનો રથ ટેબ્લેટના સ્ક્રીન પર દેખાય ત્યારે તે વખતે તે રથમાં બિરાજી શ્રીજી મહારાજ કેવા લાગતા હશે, રથ કેવી રીતે ચાલતો હશે તેનું આબેહૂબ દર્શન કરાવાશે. આવી દરેક વસ્તુની સમજણ દર્શનાર્થીઓને અપાશે. આ ડીવાઈઝ (ઓડિયો ગાઈડ પોટ) લેવા માટે આપે આપનું ઓરિજીનલ આઈડી. પ્રૂફ મ્યુઝિયમમાં જમા કરાવવાનું રહેશે. આપ દર્શન કરી પાછા આવો ત્યારે આપે તે ડીવાઈઝ સુપ્રત કરી આપનું આઈડી. પ્રૂફ પરત મેળવવાનું રહેશે. કારણ કે આ ડીવાઈઝ અને તેની બનાવવાની પ્રક્રિયા ખૂબ ખર્ચાળ હોવા છતાં ફી સૌને માફક આવે તેવી રખાઈ છે. તો હવે આપ જ્યારે મ્યુઝિયમની મુલાકાતે આવો ત્યારે આ સાધનનો અવશ્ય ઉપયોગ કરશો જેથી પ.પૂ.મોટા મહારાજશ્રીનો સંકલ્પ ફળીભૂત થાય. જય સ્વામિનારાયણ

-પ્રફુલ ખરસાણી

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - ઓક્ટોબર-૨૦૧૪

| | | | |
|---|---|---|---|
| રૂા. ૩૫,૦૦૧/- | જાગૃતિબેન વ્યોમેશભાઈ શાહ, અમદાવાદ | રૂા. ૫,૧૦૦/- | ઠક્કર પ્રજ્ઞાબેન મહેન્દ્રભાઈ ચિ. તત્સ નિરવભાઈ ઠક્કર ચિ. આરવના જન્મ પ્રસંગે |
| રૂા.૨ ૫,૦૦૦/- | શ્રી સ્વામિનારાયણ એકેડમી, અમદાવાદ | રૂા. ૫,૦૧૧/- | પટેલ મણીલાલ સોમદાસ, વડુ |
| રૂા. ૨૧,૧૧૧/- | પટેલ મગનભાઈ ધરમદાસ પરિવાર, ડાંગરવા | રૂા. ૫,૦૦૦/- | ધર્મકુળના નિષ્ઠાવાન બહેન મહેસાણા |
| રૂા. ૧૦,૦૦૦/- | જોશી કૌશિકભાઈ (ઘનશ્યામ એન્જીનીયર્સ), અમદાવાદ | રૂા. ૫,૦૦૦/- | કમલેશભાઈ એચ. શાહ, અમદાવાદ. |
| | | રૂા. ૫,૦૦૦/- | અ.નિ. મોહનભાઈ કરશનભાઈ, સાપાવાડા |
| રૂા. ૫,૬૦૦/- | હરિકૃષ્ણ ફાસ્ટનર્સ દરિયાપુર, અમદાવાદ. | રૂા. ૫,૦૦૦/- | ધર્મપ્રસાદ મણીલાલ શુકલ અમદાવાદ |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - ઓક્ટોબર-૨૦૧૪

| | |
|---|---|
| તા. ૦૮-૧૦-૧૪ | શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ હર્ષદ કોલોની, બાપુનગર. |
| તા. ૨૨-૧૦-૧૪ | હોલ નં. ૧ માં પધરાવેલા પ્રસાદીના હનુમાનજીનું સમૂહ પૂજન. |
| તા. ૨૩-૧૦-૧૪ | ચંદ્રિકાબેન મહેન્દ્રભાઈ શુકલ, નારણપુરા |
| તા. ૨૬-૧૦-૧૪ | પટેલ અતુલકુમાર બેચરદાસ (લાલોડાવાળા), વડોદરા |
| તા. ૨૮-૧૦-૧૪ | ધવલભાઈ મહેન્દ્રભાઈ ભાવસાર (સિડની - ઓસ્ટ્રેલીયા) |

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલ:- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com

પ.પૂ. ધ.ધૂ. આચાર્યશ્રી ૧૦૦૮ કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા તથા આશીર્વાદથી
વિશ્વનું સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર-કાલુપુરમાં બિરાજતા
શ્રી નરનારાયણદેવના જીર્ણોદ્ધારિત મંદિર તથા સુવર્ણ સિંહાસનના ઉદ્‌ઘાટન પ્રસંગે







# શ્રી નરનારાયણદેવ મહોત્સવ

તા. ૨૪ થી ૨૮ ડિસેમ્બર-૨૦૧૪

## મહોત્સવ સ્થળ

શ્રી નરનારાયણ નગર, તપોવન સર્કલ, મોટેરા ગામ, એસ.પી. રીંગ રોડ, અમદાવાદ.

અધ્યક્ષશ્રી : પ.પૂ. ભાવિ આચાર્યશ્રી ૧૦૮ શ્રી વજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

## આયોજક

મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી શ્રી હરિકૃષ્ણદાસજી તથા સ્કીમ કમિટી
તથા શ્રી નરનારાયણદેવ મહોત્સવ સમિતિ
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર - અમદાવાદ-૧
ફોન. ૦૭૯-૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮

# શ્રી નરનારાયણદેવ મહોત્સવ

## તા. ૨૪-૧૨-૨૦૧૪ થી તા. ૨૮-૧૨-૨૦૧૪

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ અનંત જીવોનું કલ્યાણ કરવા અનંતમુક્તોને સાથે લઈ મનુષ્યદેવ ધારણ કરી પૃથ્વીલોક પર પધાર્યા. ૪૯ વર્ષ સુધી પોતાની અપાર દયા અને દિવ્ય ઐશ્વર્ય વડે અનંતજીવોને અક્ષરધામના સુખભોગી બનાવ્યા અને એ પરંપરા અવિરત ચાલ્યા કરે એ માટે દેવ, આચાર્ય, સંત અને સત્‌શાસ્ત્રની કલ્યાણકારી પરંપરા પ્રવર્તાવી. શ્રીહરિએ કરેલા અનેક અલૌકિક કાર્યો પૈકીનું શિરમોર કાર્ય એટલે મંદિરોનું નિર્માણ. ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી આજથી લગભગ ૧૯૨ વર્ષ પહેલા સ.ગુ. આનંદાનંદ સ્વામીએ ગુજરાતના મુખ્ય નગર અમદાવાદમાં વિશ્વનું સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ કર્યું અને સર્વોપરી શ્રીહરિએ સ્વહસ્તે બાથમાં લઈને સ્વસ્વરૂપ શ્રી નરનારાયદેવ પધરાવ્યા. શ્રી નરનારાયણદેવના ઉંબરા પર ઊભા રહીને ''આ નરનારાયણ દેવનું સ્વરૂપ અને અમારા સ્વરૂપમાં લેશમાત્ર ફેર નથી.'' ''જે એમ જાણે જે આ નરનારાયણદેવ અને ભગવાન સ્વામિનારાયણ જુદા છે તેણે અમને ઓળખ્યા જ નથી.'' ''આ નરનારાયદેવની મૂર્તિ સત્સંગી માત્ર એ પૂજામાં રાખવી.'' આવા મહિમા વચનો સ્વમુખે કહ્યાં એવા મહાપ્રતાપી શ્રી નરનારાયણદેવનું મંદિર સમયના ઘસારે ઘસાતા જીર્ણોદ્ધારની જરૂરિયાત ઉભી થઈ. જે તે સમયે પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી તે સમયના મહંત સ.ગુ. પી.પી. સ્વામી (જેતલપુર)એ કાર્યનો આરંભ કર્યો. ત્યારબાદ પૂ. નિર્ગુણ સ્વામી તથા પૂ.નારાયણસ્વરૂપ સ્વામીએ કાર્યને આગળ ધપાવ્યું. પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી વર્તમાન મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા અમદાવાદ શ્રી નરનારાયણદેવ સ્કીમ કમિટિએ આ જીર્ણોદ્ધારના કાર્યને પુરજોશમાં વેગ આપ્યો જે હવે પૂર્ણતાને આરે છે. સાથો સાથ દેવોના સુવર્ણ સિંહાસન પર જીર્ણ થતા તે સ્થાને નૂતન સુવર્ણ સિંહાસન બનાવવાનો નિર્ધાર કર્યો જે પણ પૂર્ણ થશે. જીર્ણોદ્ધારિત મંદિર તથા નૂતન સિંહાસનના ઉદ્‌ઘાટનના પાવન પ્રસંગે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની અધ્યક્ષતામાં સૌ સંતો ભક્તોના સાથ સહકારથી ભવ્યાતિભવ્ય ''શ્રી નરનારાયદેવ મહોત્સવ'' તા. ૨૪-૧૨-૨૦૧૪ થી તા. ૨૮-૧૨-૨૦૧૪ પર્યંત ધામધૂમથી ઉજવવાનું નિર્ધારેલ છે. તો આવો આપણે સૌ સાથે મળી આપણું તન, મન અને ધન શ્રી નરનારાયણદેવના ચરણોમાં સમર્પિત કરી આ ઉત્સવને ઉમંગથી ઉજવીએ.

# છપૈયાધામે પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં પ્રથમ યુવા સત્સંગ શિબિર

અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી અને પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય અને પાવન સાનિધ્યમાં સૌ પ્રથમ શ્રી ઘનશ્યામપ્રભુની પ્રાગટ્યભૂમિ એવા છપૈયાધામને આંગણે યુવા સત્સંગ શિબિરનું આયોજન તા. ૨૮-૧૦-૨૦૧૪ થી તા.૦૫-૧૧-૨૦૧૪ પર્યંત થયેલ.

સંપ્રદાયના મૂળ સિધ્ધાંતોને પોષણ મળે, સંસ્કાર-સત્સંગ-શિસ્ત જેવા સદ્‌ગુણો જીવનમાં દ્રઢ થાય, દેવ - આચાર્ય -સંત-શાસ્ત્ર -ભક્તો આદિકનો મહિમા સમજાય અને ધમકુળનું સાનિધ્ય પાંચ દિવસ સુધી સાંપડે એવા શુભ આશયથી  પ.પૂ.લાલજી મહારાજશ્રી એવમ્ સંતો-ભક્તો દ્વારા શિબિરનું ભવ્ય આયોજન થયું હતું, જેમાં શ્રી નરનારાયણદેવ દેશ ગાદી ૭૮ ગામના ૧૫ થી ૨૫ વર્ષની વયના ૭૦૦ યુવાનો એ ભાગ લીધો હતો. પ.પૂ.આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અમદાવાદ મંદિરના મહંત પૂ.શા. સ્વામી હરિકૃષ્ણદાસજી અને સ્કીમ કમિટીના તમામ સભ્યશ્રીઓ આર્થિક સહયોગમાં પ્રેરક રહ્યા હતા. તેમજ જીવરાજપાર્ક, બાપુનગર, કાંકરિયા આદિ યુવક મંડળોનો પણ આર્થિક સહયોગ રહ્યો હતો.

દરેક વિસ્તારના શિબિરાર્થી તા. ૨૮-૧૦-૧૪ના રોજ લકઝરી બસ દ્વારા શામળાજીથી છપૈયા જવા રવાના થયા હતા. તા.૩૦-૧૦-૨૦૧૪ ના રોજ છપૈયાધામ પહોચ્યાં હતા. અને તે જ દિવસે યુવા શિબિરનો પ્રારંભ થયો હતો. પ્રથમ શિબિરના પ્રારંભમાં પ.પૂ.લાલજી મહારાજશ્રી ,પૂ. મહંત બ્ર.સ્વામી વાસુદેવાનંદજી - છપૈયા, શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી, કો. સ્વામી શા.નારાયણમુનિદાસજી, સ્વામી બ્રહ્મવિહારીદાસજી, માધવ સ્વામી આદિક સંતો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ અને ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીના મંગલ આર્શીપ્રવચન દ્વારા શિબિરનો શુભારંભ થયો.

પંચદિનાત્મક યુવા સત્સંગ શિબિરમાં શિબિર શા માટે ? શ્રી નરનારાયણદેવનો મહિમા, આધ્યાત્મિક માર્ગમાં મૂઝવતાં પ્રશ્નોનું નિરાકરણ (પ્રશ્નોત્તરી), છપૈયાધામનો મહિમા, સત્સંગ મહિમા, શિસ્ત પાલન, આદિ વિષયો પર પ્રેરક જ્ઞાનવાર્તાનું આયોજન સત્રરૂપમાં રાખેલ જેમાં શા.સ્વામી નિર્ગુણદાસજી-કાલુપુર, શા.સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી, કો.સ્વામી નારાયણમુનિદાસજી, બ્ર. શા.સ્વામીહરિસ્વરૂપાનંદજી, શા.સ્વામી ભક્તિનંદનદાસજી, શા.સ્વામી બ્રહ્મવિહારીદાસજી, સ્વામી માધવપ્રિયદાસજી, ઉદયનભાઈ મહારાજા આદિ સંતો-ભક્તોએ શિબિરાર્થીઓને ઉત્સાહવર્ધક જ્ઞાન પીરસ્યું હતું. એક દિવસ નારાયણ સરોવર તથા બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજની સમૂહ આરતીનો લાભ પણ દરેક યુવાનોને પ્રાપ્ત થયો હતો. દરરોજ સવારના સત્રને દર્શન સત્ર (સેશન) તરીકે રાખવામાં આવેલ, જેમાં અયોધ્યા દર્શન, ગૌઘાટ અને શ્રવણ તલાવડી દર્શન અને છપૈયા દર્શન આદિક પ્રાસાદિક સ્થાનોના દર્શનનો લાભ યુવાનોને મળ્યો હતો. શિબિર દરમ્યાન છપૈયા મહંત બ્ર. સ્વામી વાસુદેવાનંદજી અને અયોધ્યા દર્શન દરમ્યાન મહંત દેવ સ્વામી અને તેમના મંડળે સૌની સુંદર સરભરા કરીને પ.પૂ. લાલજી મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો હતો.

રાત્રીય સાંસ્કૃતિક કાર્યક્રમોમાં લુણાવાડા, વિસનગર આદિ ગામોના યુવાનોએ યમદંડ આધારિત અને લીલાચરિત્રમય રૂપક (નાટક) રજૂ કર્યાં હતા. અને બાકીના દિવસોમાં શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા થયેલ મહોત્સવની દિવ્ય ઝાંખી પ્રોજેક્ટરના માધ્યમથી બતાવવામાં આવેલ. જે દર્શન અત્યારની પેઢી માટે તો દુર્લભ જ ગણાય.

શિબિર સમાપન પ્રસંગે પ.પૂ.લાલજી મહારાજશ્રીએ આશીર્વાદમાં શિબિરની સફળતા બદલ દરેક યુવાનોને રાજી થઈ આશીર્વાદ પત્ર ભેટરૂપે આપેલ, સાથો સાથ દરેક ગામના સંચાલકશ્રીઓને પોતાના ગામના મંદિરમાં છપૈયાની સ્મૃતિ રહે એટલા માટે બાલસ્વરૂપની પાદ્ય ભેટમાં આપેલ. ત્યારબાદ બ્ર.સ્વામી વાસુદેવાનંદજી - છપૈયા મહંતશ્રીએ પ્રેરક પ્રવચન દ્વારા આશીર્વાદ આપ્યા અને છેલ્લે  શા.સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજીએ પ.પૂ.લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી આગામી શ્રીનરનારાયણદેવ મહોત્સવની જાહેરાત તથા ટોરડાધામે થનાર આગામી શિબિરની જાહેરાત કરી હતી. અંતે શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-નરોડા, દહેગામ, કનીપુર ભક્તિનગર, ઘનશ્યામનગર (મૂળીદેશ), વિસનગર આદિ યુવાનોની ન ભૂલી શકાય એવી સેવાને પૂ. લાલજી મહારાજશ્રી એ બિરદાવી અને પ્રસાદીની પાદ્ય પણ ભેટમાં આપેલ. સભાની પૂર્ણાહુતિ બાદ નંદ સંતો રચિત કીર્તનો પર ઠાકરથાળી કરવામાં આવેલ અને ત્યારબાદ સર્વે શિબિરાર્થીઓએ ભોજન-પ્રસાદ લઈ અમદાવાદ આવવા પ્રયાણ કરેલ.

પાંચે પાંચ દિવસ પ.પૂ.અ.સૌ.લક્ષ્મીસ્વરૂપ શ્રી ગાદીવાળાશ્રી અને પૂ.શ્રીરાજાની હાજરીરૂપ અંતકરણના આશીર્વાદ દરેક શિબિરાર્થીઓ માટે ઉત્સાહ વર્ધક રહ્યા હતા.

# છપૈયાધામે
# પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં
# પ્રથમ યુવા સત્સંગ શિબિર


દેવોની આરતી


દિપ પ્રાગટ્ય



નારાયણ સરોવરની નિત્ય આરતી



ગૌઘાટ


મખોડાઘાટ




ભોજન પ્રસાદ


પૂ. શ્રીરાજા



સાંસ્કૃતિક કાર્યક્રમ (નાટક)







સંતો સાથે પ્રશ્નોત્તરી

आध्यात्म का संचार आवश्यक : लालजी महाराज

સમાચારપત્રોમાં નોંધ



છપિયા પરિક્રમા



નારાયણ સરોવરની સમૂહ આરતી



युवा सत्संग का शुभारंभ

સમાચારપત્રોમાં નોંધ












અયોધ્યા દર્શન

# દેશ વિદેશના મંદિરોમાં દિવાળી અન્નકૂટ દર્શન



## મહોત્સવ દરમિયાનના આયોજનો

- શ્રીમદ્ સત્સંગીભૂષણ અંતર્ગત શ્રી નરનારાયણદેવ માહાત્મ્ય કથા
- એક દિવસીય શ્રી હરિયાગ (યજ્ઞ)
- ૩ દિવસ સમૂહ મહાપૂજા
- મહાઅભિષેક, છપ્પન ભોગ અન્નકૂટ
- શ્રી નરનારાયણદેવની નગર યાત્રા
- પ્રદર્શન
- શ્રી સ્વામિનારાયણ મહામંત્ર અખંડ ધુન
- બ્લડ ડોનેશન કેમ્પ
- સર્વ રોગ નિદાન કેમ્પ
- ૧૧૦૦૦ દિવાઓ વડે કાલુપુર મંદિરની સમુહ આરતી
- શ્રી નરનારાયણદેવ બાલમંડળ તથા બાલિકામંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ

## મહોત્સવના ઉપલક્ષમાં ધાર્મિક આયોજનો

- ૨૫૧ ગામડે સત્સંગ સભાઓ
- ૧૫૧ મીનીટની ૨૫૧ ગામડે અખંડધૂન
- ૫૧ કરોડ "શ્રી સ્વામિનારાયણ" મહામંત્ર લેખન
- જનમંગલ - ૧,૨૫,૦૦,૦૦૦, વચનામૃત - ૫૧૦૦, ભક્તચિંતામણી - ૫૧૦૦ પાઠ
- પદયાત્રા દ્વારા કાલુપુર શ્રી નરનારાયણદેવ દર્શન
- ૧૧૦૦૦ શ્રી સ્વામિનારાયણ મેગેઝીન સભ્યપદ ઝુંબેશ

## મહોત્સવના ઉપલક્ષમાં સામાજીક આયોજનો

- ૧,૨૫,૦૦૦ વૃક્ષારોપણ
- ૨૧૦૦ બોટલ બ્લડ ડોનેશન તથા સર્વરોગ નિદાન કેમ્પ
- ૧૧૦૦૦ શૈક્ષણિક સાધનોનું વિતરણ (ગામડાઓના બાળમંડળના વિદ્યાર્થીઓને)
- વ્યસન મુક્તિ અભિયાન
- ૧૫૧ અપંગોને ટ્રાઈસિકલ વિતરણ

## આપનો સહયોગ

આ મહોત્સવના ઉપલક્ષમાં આપ આપના પરિવારજનો, મિત્રો સાથે મળી માળા, દંડવત્, પ્રદક્ષિણા, જનમંગલ-વચનામૃત-ભક્તચિંતામણીના પાઠ, મહામંત્રલેખન, પદયાત્રા જેવા નિયમો લઈ અથવા લેવડાવી વિશેષ ભજન કરશો. (જે માટે નોટબુક તથા ફોર્મ આપણા શ્રી સ્વામિનારાયણ મેગેઝીન અથવા તો કાલુપુર મંદિરની ઓફિસમાંથી મળશે.)

આર્થિક રીતે યોગદાન આપી સહભાગી થવા ઈચ્છતા ભક્તો મહોત્સવ દરમિયાન આયોજીત સમુહ મહાપુજા-હરિયાગ તથા અન્ય યજમાન પદનો લાભ લઈ શકશે.

| | |
|---|---|
| ૧૧,૦૦૦/-<br>૨૧,૦૦૦/- | તા. ૨૫-૧૨-૨૦૧૪ના રોજ સમૂહ મહાપૂજાનો લાભ મળશે.<br>(પ.પૂ. લાલજીમહારાજશ્રીના સાનિધ્યમાં) |
| ૩૧,૦૦૦/-<br>૫૧,૦૦૦/- | તા. ૨૬-૧૨-૨૦૧૪ના રોજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના નિવાસસ્થાને નિત્ય ધર્મકુળ દ્વારા પૂજાતા પ્રસાદીના હરિકૃષ્ણ મહારાજની મહાપૂજા(પ.પૂ.મોટા મહારાજશ્રીના સાનિધ્યમાં) |
| ૧,૦૦૦૦૦/-<br>કે તેથી વધુ | તા. ૨૭-૧૨-૨૦૧૪ સર્વાવતારી ભગવાન શ્રીહરિની પૂજામાં રહેલાં અને પૂજ્ય આચાર્ય મહારાજશ્રી જેની દરરોજ પૂજા કરે છે એવા પ્રસાદીના શાલિગ્રામ ભગવાનની મહાપૂજા (પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના સાનિધ્યમાં) |
| ૨,૦૦૦૦૦/-<br>કે તેથી વધુ | તા. ૨૭-૧૨-૨૦૧૪ એકદિવસીય શ્રીહરિયાગ (યજ્ઞ)ના પાટલે બેસવાનો લાભ. |

આથી વિશેષ સેવા કરીને વિશિષ્ટ યજમાન પદનો લાભ લેવા ઈચ્છતા ભક્તજનોએ કાલુપુર મહંત સ્વામી અથવા આગેવાન સંતોનો સંપર્ક કરવો.

Harikrushna Graphics • 982-5850-559, 987-9961-789

**: મહામહોત્સવનું સ્થળ :**
**તપોવન સર્કલ, મોટેરા ગામ, અમદાવાદ.**

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સર્વે સુખનું મૂળ - શિક્ષાપત્રી

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

સ્વામિનારાયણ ભગવાને જીવોના સુખ માટે અનેકવિધ કાર્યો કર્યાં એમાં પણ આ ધરતી ઉપર મોક્ષનું સદાવ્રત સદેવ ચાલુ રહે અને સમાજ કલ્યાણ અને સમાજ ઉધ્ધારની પરંપરા ચાલુ રહે તે માટે શ્રીજી મહારાજે નરનારાયણદેવ આદિ સ્વરૂપો પધરાવ્યાં, ધર્મવંશી આચાર્યોની સ્થાપના કરી, વિશાળ સંત-સમુદાયને સત્સંગ સેવા સમર્પિત કર્યો અને એ મહાન સંતો દ્વારા સર્વ શાસ્ત્રના સારરૂપ સત્સંગિજીવન તેમજ સત્સંગિભૂષણ, વચનામૃત, ભક્તચિંતામણી આદિક શાસ્ત્રો રચાવ્યાં. એમાં માનવજીવનનો અતિ ઉત્તમ સદગુણોનો ખજાનો ભરપૂર ભર્યો છે. તેમ છતાં તેમાં કાંઈક બાકી રહી જતું હોય તેમ પરમાત્માએ પોતે શિક્ષાપત્રી નામે એક ગ્રંથ લખ્યો. શિક્ષાપત્રી કદમાં ઘણી નાની છે પરંતુ સર્વશાસ્ત્ર મુગટમણી છે. અત્યારના સમયમાં માનવજીવનમાં આચરણમાં વ્યવહારમાં વર્તનમાં ખૂટતું એક વિટામીન છે. શિક્ષાપત્રીએ જે સદાચાર પ્રબોધ્યા છે એ કાંઈ સત્સંગીને જ ઉપયોગનાં છે એવું નથી. માનવ માત્રને ઉપયોગી છે. સમાજના નીચલા થરથી માંડીને સભ્ય ગણાતા જનસમાજ સુધીના પ્રત્યેક મેમ્બરને આ શિક્ષાપત્રી દિવ્ય રસાયણરૂપ છે. જીવન-વ્યવહારની એવી કોઈ બાબત નથી કે જેનો સમાવેશ આ શિક્ષાપત્રીમાં ન થયો હોય. આ શિક્ષાપત્રીને આચરણમાં ઉતારનાર જીવનમાં કેવું પરિવર્તન પામ્યા હતા તેનો એક દાખલો જોઈએ.

સૌરાષ્ટ્રમાં લોયા ગામમાં ઘેલો નામે એક કોળી રહેતો હતો. વિક્રમ સંવત ૧૮૬૯ માં ત્યાં ભયંકર દુષ્કાળ પડ્યો. દુષ્કાળનું વર્ષ પસાર કરવા આ ગરીબ પતિ-પત્નીએ ગુજરાત તરફ પ્રયાણ કર્યું. પતિ-પત્ની બન્ને પ્રભુ ભજન કરતાં ખેતર અને નદીઓ ઉલ્લંઘતા ચાલ્યા જાય છે. એ વખતે નિર્જન રસ્તામાં તેણે એક સોનાનો દાગીનો પડેલો જોયો. પતિને એમ થયું કે આ દાગીનો કોઈનો પડી ગયેલો લાગે છે. ભલે અમે દુઃખી છીએ. ગરીબ છીએ પરંતુ અમારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનની એવી આજ્ઞા છે, આવી રીતે પડી રહેલી વસ્તુ ક્યારે પણ લેવી નહી. પરંતુ ગરીબીના કારણે ત્રસ્ત બનેલી મારી પત્નીના મનમાં આ દાગીનો લઈ લેવાની લાલચ જાગશે તો ? આવી બીકે પેલા દાગીના ઉપર પગથી માટી વાળી દીધી. પતિનું આ કાર્ય જોઈને પત્નીએ પોતાની ગતિ વધારી. પતિ પાસે પહોંચી જઈ અને પૂછ્યું, ત્યાં ઉભા ઉભા તમે શું કરતા હતા ? શરૂઆતમાં તો પતિદેવે વાત ટાળી પણ પત્નીનો અતિ આગ્રહ જોઈને રહસ્ય છતું કર્યું.

ત્યાં એક સોનાનો દાગીનો હતો. પણ તારૂં મન ન બગડે માટે મેં એના ઉપર માટી ઢાંકી. ત્યારે હસીને પત્ની બોલી. તમે એટલા કાચા છો કે તમે એને સોનાનો દાગીનો માન્યો. મારે મન તો પરધન અને પથ્થર એમાં કોઈ તફાવત જ નથી. આપણા પ્રયત્નથી રાજી થઈને પરમાત્મા જે કાંઈ આપશે એ જ આપણું મીઠું. આમ, વાતો કરતાં બંને ચાલ્યા જાય ત્યાં સામેથી એક ઘોડે સવાર મારતે ઘોડે આવ્યો અને પૂછ્યું. અહીં ક્યાંય તમે સોનાનો દાગીનો જોયો ? અમારા છોકરાનાં કંઠમાંથી પડી ગયો છે. આ કોળી ભાઈએ દાગીનો બતાવ્યો. પોતાનો દાગીનો મેળવી ખુશ થયેલા ઘોડે સવારના મનમાં બહુ અચંબો લાગ્યો. અને પૂછ્યું આ દાગીનો તમે લઈ ને કેમ સંતાડી ના દીધો ? ત્યારે આ કોળી ભાઈએ જવાબ આપ્યો. અમે સ્વામિનારાયણ ભગવાનના સત્સંગી છીએ. અમે હરામનું કાંઈ પણ

લેતા નથી. પેલા ઘોડે સવારને અત્યંત નવાઈ લાગી કે જાતે પછાત વર્ગના છે, ગરીબીના કારણે હિજરત કરી રહ્યાં છે છતાં નિર્જન વનમાં મળી આવેલી આ સંપત્તિનો ત્યાગ કરી દે છે. આવું નૈતિક બળ આને ક્યાંથી મળ્યું ?

આવું ઉત્તમ બળ, આવો પવિત્ર દિવ્ય સદાચારનો સ્ત્રોત શિક્ષાપત્રીમાંથી પ્રાપ્ત થાય છે. માનવજીવનને સુવ્યવસ્થિત બનાવવા માટે શિક્ષાપત્રીએ કોઈ ખૂણો બાકી રાખ્યો નથી. પરસ્પર દયા અને પ્રેમ વધે એટલા માટે શિક્ષાપત્રીમાં અહિંસાથી સદાચારની શરૂઆત કરાઈ છે. શિક્ષાપત્રીમાં બીજો સદાચાર આવે છે. આહાર શુદ્ધિ, આજકાલ સમાજમાં માનવી અનેકવિધ રોગોથી પીડાય છે એનું અગત્યનું કારણ છે આહારશુધ્ધિનો અભાવ. આજે જ્યાં ત્યાં રસ્તામાં સ્ટેશનો ઉપર, હોટલોમાં, દુકાનોમાં અને લારીઓમાં અપાતો, વેચાતો, ખવાતો ખોરાક કેટલો ઉતરતી કક્ષાનો અને આરોગ્યનાં બધા નિયમોને નેવે મુકી દઈને તૈયાર કરાતો હોય છે. કેવળ જીવના સ્વાદને વશ થઈને માણસ આવો ખોરાક ખાતો હોય છે અને રોગમાં સબડતો હોય છે. તો એ વખતે શિક્ષાપત્રી લાલબતી ધરે છે. આહાર શુદ્ધિ, સત્વશુદ્ધિ, જો આહાર શુદ્ધિ હોય તો માણસનું મન શુધ્ધ બને છે. પવિત્ર મનમાં સારા વિચારો સ્થિર થાય છે.

સદાચારમાં એક અગત્યનો ભાગ આવે છે. કુસંગનો ત્યાગ. આજે જન સમાજમાં સારા માણસો પણ દારૂ, જુગાર આદિ ખરાબ કુટેવોમાં ફસાયા છે. એનું કારણ છે કુસંગ. તો શિક્ષાપત્રી ત્યાં પણ સૂચન આપે છે કે - ચોર, પાપી, વ્યસની એવા માણસોથી દૂર રહેવું.

તમને નથી લાગતું કે સ્વચ્છતા એ પણ સદાચારનું અગત્યનું અંગ છે. ઘણી વખત તો તમે સુક્ષ્મ દૃષ્ટિથી વિચારશો તો પશુઓ કરતાં પણ માણસો વધુ ગંદકી કરે છે. માણસોએ કરેલી ગંદકીને ખસેડવા મહાનગરોની સુધરાઈઓને કરોડો રૂપિયાના ખર્ચ કરવા પડે છે. કોઈ મોટા જાહેર બિલ્ડીંગમાં તમે જાઓ, તેની સીડીઓ, ખૂણાઓ, પગથીયામાં નજર કરશો તો દેખાશે કે શિક્ષિત ગણાતા માણસો પણ ગમે તેમ થૂંકતા જાય છે. અને પોતાનો જ નાશ નોતરતા જાય છે. ગમે ત્યાં મળમૂત્ર કરીને પોતાનું અને બીજાનું આરોગ્યની દૃષ્ટિએ અહિત કરતા હોય છે. એટલે તો શિક્ષાપત્રીમાં સ્પષ્ટ મનાઈ ફરમાવી. જનસમાજને ઉપયોગી એવા સ્થળો નદી, તળાવના આરા, જીર્ણ દેવાલયો, રસ્તાઓ, વૃક્ષોનો છાયા, બગીચા વગેરે સ્થળોએ મળમૂત્ર તો કરવા નહી પણ થૂંકવું પણ નહી. શિક્ષાપત્રીના આવા સામાન્ય ગણાતા વચનોનું જો જનસમાજ પાલન કરે તો આરોગ્ય વધે, સમૃદ્ધિ પણ વધે અને સુખાકારી પણ વધે. આપણે કાયમ યાદ રાખવું જોઈએ કે આપણા ઈષ્ટદેવે આપેલી શિક્ષાપત્રી સર્વ સુખનું મૂળ છે.

●

**પ્રસાદીનો પ્રતાપ**

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

એક દિવસે શ્રીજી મહારાજ લોયામાં સુરાખાચરના ઘેર બિરાજ્યા હતા. લીંબડીના શેઠ ચાંપસી અને તલખસિંહ અને સાયલાના શેઠ માણેકચંદ આ ત્રણે પોતાના કામે કાઠિયાવાડમાં ગયેલા ત્યાંથી પાછા વળતાં રસ્તામાં લોયાગામ આવ્યું. આ ત્રણે જણાએ વિચાર કર્યો કે સ્વામિનારાયણ અહીં છે. અને ભગવાન કહેવાય છે. આજે આપણે એની પરીક્ષા લેવી એવું ત્રણે જણાએ નક્કી કર્યું. પછી વિચાર વિમર્શ કર્યો કે કેવી પરીક્ષા લઈશું ? આ દેશમાં સુતર ફેંણી થતી નથી. જો આપણને સુતરફેણી આપે તો ભગવાન સાચા.

આવો મનસૂબો કરી એ ત્રણે જણા મહારાજ બિરાજતા હતા ત્યાં આવી પગે લાગીને બેઠા. શ્રીજી મહારાજે આવકાર આપ્યો ખબર અંતર પૂછી અને જમવાનો આગ્રહ કર્યો. પણ આ ત્રણે જણાએ જમવાની ના પાડી અને મહારાજ પાસે બેસી વાતો કરવા માંડ્યા. જાતજાતના પ્રશ્નો પૂછવા લાગ્યા. આ ત્રણે શેઠિયાઓ પ્રશ્નો પૂછતા જાય. મહારાજ એના ઉત્તર આપતા જાય.

અનુ. પેજ નં. ૨૯ પર

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**"સારૂ શીખવા માટે સતત જાગ્રત રહેવુ પડે છે"**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

આપણે આ બધી સભાઓ શા માટે કરી છીએ ? ધર્મ પાળવા માટે. જે કાંઈ બાકી રહી જાય છે તે બધું શીખીએ છીએ. જીવનમાં કોઈ સાથ ન આપે ત્યારે ધર્મ જ સાથ આપે છે. ધર્મ જ માણસનો સાચો મિત્ર છે. પરંતુ મુશ્કેલી ક્યાં થાય છે કે માણસની માગણી એ હોય છે કે કાંઈ પણ કર્યા વગર બધું મફતમાં મળી જાય. કાંઈ પણ કઠીનાઈ સહન ન કરવી પડે અને આવી બધી કામના થાય ત્યારે એવા લોકો પણ મળી જાય છે જે આપણને છેતરી જાય છે. અને આપણે છેતરાઈ જઈએ છીએ અને ત્યારે આપણે આંખો બંધ રાખીને કામ કરીએ છીએ. નહિતર કોઈની તાકાત નથી કે આપણને છેતરી શકે. આપણે આંખો બંધ રાખીએ છીએ અને રોશની પણ જોઈએ. તો રોશની જોઈતી હોય તો તેના માટે આંખો ખોલવી પડે.

જેથી આપણે જાગ્રત થવાની જરૂર છે. આંખો ખોલવાની જરૂર છે. જે કાંઈ દુઃખ આવે છે તે અજ્ઞાનતાને લીધે જ આવે છે. અજ્ઞાનતારૂપી નિંદ્રા તોફાનરૂપી હોય છે. જ્ઞાન જાગ્રત દીવાની માફક હોય છે. અજ્ઞાની હોય છે ને તે જન્મોજન્મથી સૂતેલા જ હોય છે. જાગરણ ઓછું હોય છે. અર્થાત્ તોફાની દીવાની માફક હોય છે. તોફાની દીવો જેમ સળગાવવા જાય ને તરત જ ઓલવાઈ જાય. આમ તોફાનરૂપી દીવાના માધ્યમથી દીવો પ્રગટી જ ન શકે. પરંતુ પોતાના અહંકારને લીધે માણસને ખ્યાલ નથી આવતો કે મારો દીવો સળગ્યો જ નથી અને ઓલવાઈ ગયો છે. અજ્ઞાનતારૂપી અંધકાર છે ને તેના માધ્યમથી અહંકાર વધી જાય છે. અને અજ્ઞાન ગાઢ બની જાય છે. બાળક સૂતું હોય તો હાલરડા ગાય તો તેને સરસ નિંદ્રા આવી જાય છે. તેમ આપણને પણ એવા લોકો મળી જાય છે જે આપણી અજ્ઞાનતાને વધારે ગાઢ બનાવી દે છે. પરંતુ જે વ્યક્તિ શું સાચું છે અને શું ખોટું છે તેની પરખ કરી શકે છે. સારા અને નરસાનો વિવેક માણસ વિચારે તો ખ્યાલ આવે અને માણસ બુદ્ધિ અને વિવેકને ન વાપરે તો કાટ ચડી જાય છે. સદ્‌વિચારો મહેમાન જેવા છે. વગર આમંત્રણે દિલમાં આવશે નહિ અને આવે પછી તેને ખૂબ વાગોળવા પડે, તેની સાથે રહેવું પડે, તેને માનવા પડે. ઘણો બધો આગ્રહ કરવો પડે તો તમારા દિલમાં રોકાય અને કુવિચારો તો કાયમ માટે ધામા નાખે અને બારણા તોડીને આવશે અને આપણી અંદર ખરાબ વિચારો ક્યાંથી પ્રવેશે છે તે આપણને ખબર હોવી જોઈએ. જેને પોતાના દોષ દેખાય છે તેને સમજવું કે મારા ઉપર ભગવાનની કૃપા છે. આપણે ગુણવાન થયા ક્યારે કહેવાઈએ કે ભગવાન સિવાયના જે કાંઈ વિચારો આવે તેને નકામા મનાય.

સત્સંગ છે ને તે જાગ્રત થવાનું સાધન છે. આપણે સત્સંગમાં બેઠા હોઈએ ને ઉંઘ આવે ને તો બાજુવાળા જગાડી દે છે. સત્સંગમાં કોઈ જોઈ શકે તો ખરાબ લાગશે તેમ બીજાને લીધે ઉંઘાતુ નથી. સારૂ શીખવા માટે સતત જાગ્રત રહેવું પડે છે. આપણે પંદર દિવસે એકાદશીની સત્સંગ સભામાં આવીએ તેટલી વાર જાગ્રત રહીએ અને બસ હવે સભાનો સમય પુરો થઈ ગયો હવે આવતી એકાદશીએ જાગવાનું. એટલે જગાડવાવાળા ગયા નહિ કે તરત આપણે સૂઈ ગયા. જગતમાં ખોવાઈ ગયા. માયા અને અજ્ઞાનતા આપણને ઉભા થઈને ચાલવાની ના પાડે છે. મહારાજે આપણા માટે જે નિયમો બનાવ્યા છે. સંતો,

સત્‌શાસ્ત્રો, મંદિરો આચાર્યોની સ્થાપના આ બધી જે રચના કરી છે તે આપણને અજ્ઞાનતારૂપી નિંદરમાંથી જગાડવા માટે કરી છે. તો સત્સંગમાં આગળ વધવાના બીજા પ્રયત્નો આપણે કરવાના છે. નહિ કરીએ તો નુકશાન આપણને જવાનું છે. કુસંગનો રંગ તરત ચડે છે. સત્સંગનો રંગ ચડતા વાર લાગે છે. સાચા સત્યને સ્વીકારતા વાર લાગે છે. તે જ માયા છે. તેમાંથી બહાર નીકળવાનું છે. સત્યને સમજવાનું છે. તો સત્ય શું છે ? પડદા પર અથવા ટીવી.માં આપણને જે કાંઈ દેખાય છે તે બધું ખોટું છે. તેની આપણને ખબર છે. તો પણ તેની અસર આપણા મન પર થાય છે. પડદા પર જોઈને આપણે રડીએ છીએ. હસીએ છીએ, પડદાની અંદર ધરતીકંપ આવે. વાવાઝોડું આવે તેની પડદા પર અસર થતી નથી. અંદર જળબંબાકાર વરસાદ આવે તો પણ પડદો પલળતો નથી. પડદો આપણો જ છે છતાં પડદા ઉપર અસર થતી નથી. તેમ આ બધું જોઈને જે વિચારો આવે છે તેની આપણા મન અને ઈન્દ્રિયો પર અસર થાય છે. પરંતુ પડદાની માફક આપણા આત્મા ઉપર તેની કાંઈ અસર થતી નથી. પરંતુ આપણી અંદર અજ્ઞાનતા રૂપી નિંદ્રા છે. તેથી કાંઈ ખબર પડતી નથી. પરંતુ જેના જીવનમાં સત્સંગરૂપી રંગ ચડી ગયો છે તેવા લોકોને બધો જ ખ્યાલ આવે છે. અને સત્સંગના માધ્યમથી જાગૃત થઈ સંસાર પાર ઉતરી જાય છે. તો સત્સંગના માધ્યમથી આત્માને કાંઈ થતું નથી થઈ શકવાનું નથી. આત્મા સત્ય છે. પરમાત્મા અંદર બેસીને સાક્ષીભાવ તરીકે બધું જુએ છે. આ બધો ખ્યાલ આવે છે. અને તે કાયમ સચવાઈ રહે છે. સત્યના શરણમાં જઈશું તો હુંફ મળે છે. બધા સત્સંગીઓ તે જ આપણું સાચુ કુટુંબ છે. તેવી ભાવના તમારા અંતર મનમાં પરમાત્મા કાયમ દૃઢ કરે તેવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

●

**તમે ભાવે ભજી લ્યો ભગવાન**

- પટેલ લાભુબેન મનુભાઈ (કુંડાળ)

**“તમે ભાવે ભજી લ્યો ભગવાન, જીવન થોડું રહ્યું,**
**કંઈક આત્માનું કરી લ્યો કલ્યાણ, જીવન થોડું રહ્યું.”**

‘મનુષ્ય દેહ દુર્લભ છે’ કવિ નારાયણદાસે કીર્તનમાં માનવ જીવનનું રહસ્ય પ્રસ્થાપિત કર્યું છે.

**“મોંઘો મનુષ્યનો વારો, ફેર ફેર નહિ મળનારો,**
**ડાહ્યા દિલમાં વિચારો, સત્સંગ કીજિએ.”**

સદ્. દેવાનંદ સ્વામીએ મનુષ્ય દેહને ચિંતામણી સાથે સરખાવ્યો છે. ‘‘મળ્યો મનુષ્ય દેહ ચિંતામણી રે....’’ કોઈ પૂછે કે, મનુષ્ય દેહ વડે બધું જ પ્રાપ્ત થઈ શકે છે.’’ સમગ્ર દુનિયાનો વૈભવ, અરે, મોક્ષ પણ મનુષ્યદેહથી મલતું નજરાણું છે. જેમ તાળામાં ચાવી લગાવી એક તરફ ફેરવો તો તે ખૂલી જાય છે. જ્યારે વિરુદ્ધ દિશામાં ફેરવો તો તે વસાઈ જાય છે. એવું જ કંઈક અહીં છે. મહારાજ અને સત્પુરુષાના સમાગમ અને રાજીપાથી આત્યંતિક કલ્યાણ થાય છે. જ્યારે તેમના કુરાજીપાથી મનુષ્ય અધોગતિને પામે છે. કહેતાં તાળું વસાઈ જાય છે. આ બે માંથી ક્યો માર્ગ પસંદ કરવો તે આપણા પોતાના જ હાથમાં છે ?

‘‘પુરુષોત્તમ લીલામૃત સુખ સાગર’’ના તરંગ ૯૮ માં સમગ્ર માનવ જાતને પ્રશ્ન પૂછાયો છે...

**‘‘આવો મનુષ્ય દેહ પામીને, પ્રભુ ભજ્યા નહિ કેમ,**
**મોક્ષ પામવા કારણે, આપ્યો મનુષ્યનો દેહ.”**

સંતો હરિભક્તોનાં ઘેર પધરામણી માટે જતા હોય છે. ક્યારેક તેઓ પૂછે કે, ભાઈ મંદિર કેમ આવતા નથી ?’’ ત્યારે તે ભાઈ ઉત્તર વાળે ‘‘સ્વામી ! અમારે પ્રવૃત્તિ ઘણી રહે છે તેથી આવવું છે પણ અવાતું નથી.’’ ‘‘બીજા ભાઈ કહે, ‘‘સ્વામી ! મારે તો ધંધામાં આખો દિવસ દોડાદોડી જ હોય છે. તે મંદિરે આવવાનો સમય જ મળતો નથી.’’ તો વળી ધોરણ-૧૨ માં ભણનારા વિદ્યાર્થી વતી તેના પિતા કહે, ‘‘સ્વામી ! આટલી નાની ઉમરે ભગવાન ભજવાના ? ભગવાન તો પાછલી ઉંમરે ભજાશેજને ? એ વખતે શું કરશો ?’’ ત્યારે સંતો કહે ‘‘ભાઈ ! આ દેહ નો કાંઈ નિરાધાર છે ?’’ મૃત્યુ ક્યારે આવે તે ભલે નક્કી નથી. પરંતુ મૃત્યુ આવશે જ તેમાં બે મત નથી.

**‘‘કલ કરતા હો તો કર આજ,**
**આજ કરતા હો તો કર અબ,**
**આ મૂળ વગરનું ઢોકળું ઢળી પડશે ઢબ,**
**ફિર કરેગા કબ.”**

'કુમળા છોડને જેમ વાળીએ તેમ વળે એ મુજબ ભગવાન તો નાનપણમાં જ ભજાય. તો મોટી ઉંમરે વિશાળ વટ વૃક્ષ બને અને તેના મીઠાં ફળ પોતાને તથા પોતાની ભાવિ પેઢીને જરૂર મળવાના. માટે હે જીવાત્મા ! કાલે ભજન કરીશું, હજુ ઘણીવાર છે. વૃદ્ધાવસ્થામાં ભગવાન ભજીશું આવા બધા મૂર્ખ માનવીનાં તરંગો છે. કાલે પણ નહિ. આજે પણ નહી. અત્યારે જ ભજન કરી લે અને ભગવાનનો સંબંધ કેળવી લે. મહાપ્રભુના સ્વરૂપને યથાર્થ ઓળખી લે. હવે જીવન ક્યાં ઝાઝું રહ્યું છે ? જેટલા દહાડા જોયા છે એટલા હવે જોવાના નથી. અને એ માટે કીર્તનમાં કહ્યું છે એમ.

**"કર પ્રભુ સંગાથે દૃઢ પ્રીતડી રે,**
**મરી જાવું મેલીને ધન માલ."**

જે મહારાજે આપણને મોંઘો મનુષ્ય જન્મ આપ્યો. જે મહારાજે આપણે એથીયે વધુ દિવ્ય કારણ સત્સંગ આપ્યો ને તેમાં જન્મ ધરાવ્યો. પ્રભુનું ભજન-કીર્તન કરવા તમામ સાનુકૂળતાઓ આપી. તો હવે ઊંઘ, આળસ, પ્રમાદ વગેરેનો ત્યાગ કરીને પ્રભુ ભજનમાં પાટો ગોઠવવો અને અંતમાં મહાપ્રભુના અવિચળ સુખને પામવું એજ એકમાત્ર આપણું મુખ્ય કર્તવ્ય છે ? તેથી જ કીર્તનની પંક્તિમાં કહ્યું છે.

**"કંઈક આત્માનું કરી લ્યો કલ્યાણ, જીવન થોડું રહ્યું."**

ભજન-ભક્તિએ કરીને સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનનું સ્વરૂપ ઓળખાય છે. અને મુમુક્ષુતા પ્રગટે છે. મહાપ્રભુના સુખને પામવાની લાલસા તમામ ભવાબ્ધીમાંથી મુક્ત થઈ મૂર્તિ સુખનો અધિકારી બને છે. બ્રહ્માનંદ સ્વામીએ એક પદમાં કહ્યું છે તેનું મનન કરીએ.

**"મરના મરના સબ કહે, પણ મરી ન જાને કોય,**
**એક દિન એસા મરના ફિર જન્મ મરણ નવ હોય."**

અનુ. પેજ નં. ૨૬ પરનું

ઘણીવાર સુધી આ રીતે પ્રશ્નોતર ચાલ્યા.

અને ત્યાં કોઈ અજાણ્યો હરિભક્ત આવ્યો. તેણે મહારાજ પાસે એક માટલી મોઢું બાંધેલી ભેટ મૂકી અને મહારાજે એ બંધ માટલી આખી આ ત્રણ શેઠિયાઓને આપી. આ ત્રણે શેઠ ઉઠી અને પોતાને ઉતારે ગયા અને માટલીનું મોઢું છોડ્યું અને જોયું તો માટલીમાં સુતરફેણી ભરેલી હતી. એ જોઈને આ ત્રણે જણાને બહુ નવાઈ લાગી. અતિ આશ્ચર્ય થયું. આપણે સુતરફેણીનો જે સંકલ્પ કર્યો હતો. એ સ્વામિનારાયણ ભગવાને સાચો કર્યો. પણ અમને શંકા થાય છે કે સ્વામિનારાયણ કોઈ દેવ હશે કે કોઈ જાદુગર હશે કોણ હશે ? એમાં લીંબડીના બે શેઠિયા બોલ્યા અમે તો આ સુતરફેણી નહી ખાઈએ. કોણ જાણે જાદુવિદ્યાથી લાવ્યા હશે ? પણ સાયલાના માણેકચંદ શેઠે કહ્યું મને જે થવું હોય તે ભલે થાય પણ હું તો આમાંથી સુતરફેણી ખાઈશ. અને એ સાયલાના માણેકચંદ શેઠે સુતરેફણી ખાધી એ પ્રતાપે આજે પણ એમના ઘરમાં બહુ જ સારો સત્સંગ છે. અને બધા પરિવારજનો સુખી છે.

શંકા કરનાર સુખી થઈ શકતા નથી. બે શેઠીયાઓ પ્રસાદ ન જમ્યા તો સત્સંગનું સુખ માણી ન શક્યા. વિશ્વાસુ સાયલાના માણેકચંદ શેઠ પ્રસાદ જમ્યા તો આ જીવન સત્સંગનું સુખ પામ્યા.

વહાલા ભક્તો અનેક જન્મના પુણ્ય હોય ત્યારે ભગવાનની કૃપાના પાત્ર બની શકાય. નહિતર સાક્ષાત્ ભગવાન મળે તો પણ અભાગી જીવ એનું સુખ પ્રાપ્ત કરી શકતા નથી. આવા લીંબડીના બે અભાગીયા શેઠીયા જેવા જીવ માટે નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે,

**સ્તન ઉપર જે ઈતડી, તે પય ન પીવે પીવે અસકને**
**તેમ અભાગી જીવ જેહ તે મોક્ષ ન ઈચ્છે. ઈચ્છે નરકને**

જ્યારે સાયલાના માણેકચંદ શેઠ માટે કહીએ તો પૂર્વનું પુણ્ય ઉદય થયું જ્યારે, સ્વામિનારાયણ મળીયા ત્યારે, જેને સ્વામિનારાયણ ભગવાનને ઓળખ્યા એ પરમ ભાગ્ય શાળી છે. એનું કલ્યાણ થઈ જવાનું.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

**પ્ર. ૧** ''જીવ જો સારો થઈને ભજન કરવા માંડે તો ભગવાન જરૂર સહાય કરે'' - આ ઉકિત વાક્ય કોણ બોલ્યું છે ?

**પ્ર. ૨** કયાં શાસ્ત્ર ન માનવા તે શિક્ષાપત્રીમાં કયા શ્લોકમાં છે ?

**પ્ર. ૩** દિવસ દરમ્યાન ભગવાનના મંદિરમાં ભગવાનની પાંચ વખત આરતી થાય છે તે પાંચ આરતીના નામ જણાવો.

**પ્ર. ૪** સારંગપુરના જીવાખાચરે પ્રભુ શ્રીહરિ પાસે શું માગ્યું ?

**પ્ર. ૫** મને સ્વપ્ને ન ગમે રે સંસાર કોને કેમ કિજીએ રે - આ ઉપદેશાત્મક ઉક્તિ કોને કહી છે ?

**પ્ર. ૬** નિલકંઠવર્ણી વેશે પ્રભુ જ્યારે સિરપુરના રાજા સિધ્ધવલ્લભને મળ્યા ત્યારે રાજાના મગજમાં કેવો અવિવેક અને માન્યતા હતી ?

**પ્ર. ૭** ''જીવન દોરી છો જાદવા દોને દરશન દાન'' - આ કીર્તન કોણે ગાયું છે ?

## ઓકટોબર-૨૦૧૪ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) દેવાનંદ સ્વામી. (૨) ગ.મ. ૨૨. (૩) રામચંદ્ર - પુરુષોત્તમાનંદજી, રતેશ્વર - ગોવિંદાનંદજી. (૪) વઢવાણ. (૫) પરરૂપ, ચતુર્વ્યુરૂપ, વિભવરૂપ, અર્ચારૂપ, અંતરયામિરૂપ. (૬) ૧૮૮૨ કારતક સુદ-૧૧. (૭) ગર્ગાચાર્ય (મહવોવા પુરોહિત). (૮) શુભેચ્છા, સુવિચારણા, તનુ માનસા, સાત્વપ્રતિ, અંશશક્તિ, પદાર્થ ભાવિની, તુયંગા

૧ ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૨ ગાંધી જ્યોત્સના એચ. (સુરેન્દ્રનગર)
૩ પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૪ પટેલ ધરમશીભાઈ નરસીભાઈ (મેમનગર)
૫ સાં.યો. કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૬ શોભનાબેન કિશોરભાઈ (ઝોલાપરા)
૭ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૮ પટેલ જ્યોત્સના રાજુભાઈ (આનંદપુરા)
૯ બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ (ઝુલાસણ)
૧૦ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૧૧ મહંત શા. સ્વામી પ્રેમપ્રકાશદાસજી (હિંમતનગર)
૧૨ પટેલ શારદાબેન હસમુખભાઈ (વાવોલ)
૧૩ પટેલ ઉષાબેન મંગળભાઈ (વાવોલ)
૧૪ સાં.યો. સુરજબા, ઝવેરબા, પાર્ષદ દર્શનાબેન (સ્વા.મં. વાવોલ)
૧૫ પટેલ સરોજબેન રણછોડભાઈ
૧૬ પટેલ ભાવનાબેન નટવરભાઈ
૧૭ ગવૈયા સી.પી. સ્વામી (માણસા મંદિર)
૧૮ દરજી સંગીતા કલ્પેશભાઈ (કાલુપુર)
૧૯ હર્ષદ સ્વામિનારાયણ મંદિર (બાપુનગર)
૨૦ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૨૧ પટેલ દિપીકા કિરણકુમાર (નારણપુરા)
૨૨ સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ઊંઝા)
૨૩ ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૨૪ સાં.યો. મંજુબા, ભારતીબા (કાલુપુર હવેલી)
૨૫ ભાવસાર અરવિંદાબેન નરેશભાઈ (ચાંદલોડીયા)
૨૬ પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૨૭ ખંધેડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૨૮ સાં.યો. બહેનો (સ્વામિ. મંદિર બહેનોનું મોરબી)
૨૯ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૩૦ પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૩૧ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૩૨ મહેશ ભગત પૂજારી (સ્વા. મંદિર ઘાટલોડીયા)
૩૩ પટેલ સોમાભાઈ નરસીભાઈ (કોઠારી સ્વા. મંદિર ઘાટલોડીયા)
૩૪ પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૩૫ પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૩૬ પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૩૭ પટેલ સરોજબેન માધવલાલ (મારૂસણા)
૩૮ સાં.યો. રંજનબા તથા નાનીબેન (સ્વા.મં. બહેનોનું વિરાટનગર)
૩૯ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૪૦ અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર)

# સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં દિપોત્સવીના પ્રસંગો - ધામધૂમથી ઉજવાયા

**કાળી ચૌદશ :** શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદમાં બિરાજમાન શ્રી કષ્ટભંજનદેવનું કાળી ચૌદશના દિને સાંજે ૬-૩૦ કલાકે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના શુભ હસ્તે પૂજન-અર્ચન આરતી વિધિવત રીતે સંપન્ન થયા હતા. ત્યારબાદ શ્રી હનુમાનજી મહારાજને અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. હજારો ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. પૂજારી પાર્ષદ મહાદેવ ભગત અને પૂજારી પાર્ષદ બાબુ ભગતે સુંદર આયોજન કર્યું હતું.

**દિવાળી - સમૂહ શારદા પૂજન :** પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં દિવાળી તા. ૨૩-૧૦-૨૦૧૪ ના શુભ દિને સાંજે ૬-૩૦ કલાકે સંપ્રદાયના ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે પ્રસાદીના દિવ્ય સભામંડપમાં સમૂહ શારદા-ચોપડા પૂજન વિધિવત રીતે ધામધૂમથી થયું હતું. દર વર્ષની જેમ આ વરસે પણ અનેક વહેપારીઓએ પોતાના ધંધા-ઉદ્યોગના ચોપડાઓનું પૂજન કરાવીને પોતાની ઉજજવળ પ્રગતિ ધર્મ-નિતી અને શિક્ષાપત્રી પ્રમાણે થાય તેવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરી હતી. છેલ્લે આરતી બાદ ભવ્ય આતશબાજી થઈ હતી.

**નૂતન વર્ષ અન્નકૂટોત્સવ :** સંવત ૨૦૭૧ ના નૂતન વર્ષે પ્રાતઃ ૫-૦૦ કલાકે પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની મંગળા આરતી પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. ત્યારબાદ બેઠકમાં સંત-હરિભક્તોને નવા વર્ષની શુભેચ્છા સાથે આશીર્વાદ આપતા દર્શન થયા હતા. સભા મંડપમાં મંદિરના ગોર શ્રી કમલેશભાઈએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની નિશ્રામાં આખા વર્ષનો વરતારો પરંપરાગત રીતે વાંચી સંભળાવ્યો હતો. સવારે ૬-૩૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે શણગાર આરતી અને બપોરે ૧૨-૦૦ કલાકે શ્રીહરિના ત્રણે અપર સ્વરૂપોના વરદ્ હસ્તે છપ્પન ભોગ અન્નકૂટ આરતી થઈ હતી. આજે હજારોની સંખ્યામાં ભાવિક ભક્તોએ દર્શન કરી, દેવને દશાંશ-વિશાંસ ધર્માદો કરી ધર્મકુળ અને સંતોના દર્શન કરી નવા વર્ષને ભવ્યતાથી ઉજવ્યું હતું. પૂ. મહંત સ્વામી હરિકૃષ્ણદાસજીના માર્ગદર્શનથી બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, હરિચરણ સ્વામી (કલોલ), કોઠારી જે.કે. સ્વામી, હરિચરણ સ્વામી (નાના), યોગી સ્વામી, શા. નારાયણમુનિદાસજી, ભંડારી રામ સ્વામી, પૂજારી ભક્તિ સ્વામી, કોઠાર સ્ટાફ, સંતો-હરિભક્તો આદિએ ખૂબજ સુંદર સેવા બજાવી હતી.

(કોઠારી શા. સ્વા. નારાયણમુનિદાસજી)

### અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીનરનારાયણદેવના સાનિધ્યમાં સત્સંગિજીવન પારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ અમદાવાદ મંદિરના પૂ. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા સ.ગુ. બ્ર. સ્વામી રાજેશ્વરાનંદજીની પ્રેરણાથી પ.ભ. ધીરજભાઈ ભીખાભાઈ ઠક્કર પરિવારના યજમાન પદે તા. ૨૯-૧૦-૧૪ થી તા. ૨-૧૧-૧૪ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ સ.ગુ. શા. સ્વા. વિશ્વસ્વરૂપદાસજીના વક્તાપદે સંગીતના સુમધુર તાલે થઈ હતી. સહિંતા પાઠમાં સ.ગુ. પુરાણી સ્વા. ધર્મજીવનદાસજી બિરાજ્યા હતા. સુંદર કથામૃતનું પાન કરી યજમાન પરિવાર અને સંત હરિભક્તો ધન્ય બન્યા હતા. સમગ્ર આયોજનમાં સ.ગુ. સ્વા. હરિચરણદાસજી (કલોલ), બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, કોઠારી જે.કે. સ્વામી, યોગી સ્વામી, ભક્તિ સ્વામી, કો. શા. નારાયણમુનિદાસજી, ભંડારી રામ સ્વામી આદિ સંત-પાર્ષદ મંડળે સુંદર સેવા બજાવી હતી. (ઉર્મિક પટેલ)

### એપ્રોચ (બાપુનગર) શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ.ગુ. સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી શ્રી નાગજીભાઈ નાનજીભાઈ શીંગાળાના યજમાન પદે તેઓશ્રીની

કુબડથલ પાટીયા પાસેની વાડીમાં ત્રિવેણી સત્સંગ સભા (શ્રી નરનારાયણદેવ મહોત્સવ, પ.પૂ. મહારાજશ્રીનો ૪૨ મો પ્રાગટ્યોત્સવ તથા એપ્રોચ મંદિરના દશાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં)નું તા. ૨૧-૯-૧૪ ના રોજ સવારે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં આયોજન થયું હતું.

સભામાં કાલુપુર મંદિરના હરિજીવન સ્વામી તથા ગવૈયા હરિભક્તોના મુખેથી ધૂન તથા કીર્તન ભક્તિ થઈ રહ્યા પછી કાલુપુર મંદિરેથી પધારેલા સંતો પૈકી શા. સ્વામી ધર્મપ્રવર્તાકદાસજી, શા. સ્વામી નારાયણમુનિદાસજી તથા એપ્રોચ મંદિરના કોઠારી સ્વામી હરિકૃષ્ણદાસજી આદિક સંતોએ પ્રાસંગિક અમૃતવાણીનો લાભ આપેલ. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ખૂબ રાજી થઈને આશીર્વચન રૂપે સૌને શુભાશીર્વાદ પાઠવ્યા હતા. અંતમાં રાસોત્સવ બાદ સૌએ ભોજન પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

વિશેષમાં આસો સુદ-૧ થી શરદ પૂર્ણિમા સુધી સળંગ ૧૫ દિવસ રાત્રે મંદિર દ્વારા કીર્તન ભક્તિ સાથે જાહેર રાસોત્સવનું ખૂબજ પ્રેરણારૂપ આયોજન થયું હતું. જેનો દરરોજ સરેરાશ ૮૦૦ થી ૯૦૦ ભક્તજનોએ દિવ્ય લાભ લીધો હતો. (ગોરધનભાઈ સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા હિંમતનગર મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી રજત જયંતી મહોત્સવના ઉપલક્ષમાં ભવ્ય સત્સંગ સભા યોજવામાં આવી હતી. આ પ્રસંગે બાપુનગર એપ્રોચ મંદિરના સંતોએ શ્રીહરિના મહિમાની વાતો કરી હરિભક્તોને રાજી કર્યા હતા. છેલ્લે રાત્રે મંદિરના મહંત સ્વામીએ રજત જયંતી મહોત્સવમાં સર્વ પ્રકારની સેવામાં જોડાવા પ્રેરણા કરી હતી. (ભીખાભાઈ હિંમતનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધરમપુર (ખાખરિયા)**

ખાખરિયાના ધરમપુર ગામમાં આસોસુદ-૧૦ વિજયા દશમીને તા. ૪-૧૦-૧૪ ના સાંજે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૪૨ માં જન્મોત્સવ પ્રસંગે તેઓશ્રીની પ્રતિમા પધરાવી ભજન કીર્તન અને મહામંત્ર ધૂન કરી આરતી કરી સૌને પ્રસાદ વહેંચવામાં આવેલ. ગામના સૌ ભક્તોએ લાભ લઈ કૃતાર્થ થયા હતા.

(કોઠારીશ્રી)

**ખેરોલ (પ્રાંતિજ દેશ)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે ખેરોલ ગામે સુંદર સત્સંગ સભામાં હિંમતનગર મંદિરના મહંત સ્વામીએ નરનારાયણદેવનું મહિમા માહાત્મ્ય અને ધર્મકુળનું માહાત્મ્ય સાથે હિંમતનગર મંદિરના રજત જયંતી મહોત્સવની માહિતી આપી હતી. યુવક મંડળે ધૂન-કીર્તન કરી સૌને આનંદિત કર્યા હતા.

(પટેલ રમેશભાઈ બી.)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા (પાટીદાર)**

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા (પાટીદાર)ના ૭૦ હરિભક્તોએ તા. ૪-૯-૧૪ ના રોજ સાપાવાડા થી ઈડર થી ટોરડાધામની પદયાત્રા કરી દર્શનનો મહા લાભ લીધો હતો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા તળપદના હરિભક્તોએ શ્રીનરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં તા. ૨૯-૮-૧૪ થી તા. ૩૦-૮-૧૪ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર અને શ્રી હનુમાનજી મહારાજની ધૂન સાથે ૩૬ કલાકની મહામંત્ર ધૂન કરી હતી. જેમાં ગામના તમામ ભક્તો જોડાયા હતા. છેલ્લે દરેકને પ્રસાદ જમાડવામાં આવેલ. (કોઠારી બળદેવભાઈ વિહીદાસ પટેલ પાટીદાર મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કરજીસણ સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રીહરિના દિવ્ય ચરણોથી અંકિત પાવન પવિત્ર ભૂમિ કરજીસણના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૬-૯-૧૪ ના રાત્રે માધવ સ્વામી (સિધ્ધપુર ગુરુકુળ) એ સમસ્ત ગામના અને બહારગામથી પધારેલા ભક્તોને કથાવાર્તાનો લાભ આપેલ. સોજા ગામના યુવક મંડળે કીર્તન ભક્તિ કરી હતી. (કોઠારીશ્રી કરજીસણ)

**શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં**

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સેકટર-૨) બહેનોની સત્સંગ સભા**

પ.પૂ.અ.સૌ. લક્ષ્મી સ્વરૂપ ગાદીવાળાશ્રીના અધ્યક્ષ સ્થાને શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) ગાંધીનગર

સેકટર-૨ માં તા. ૧૧-૧૦-૧૪ ના રોજ બહેનોની ભવ્ય સત્સંગ સભા યોજવામાં આવી હતી. જેમાં સાંખ્યયોગી બાઈઓએ કથાવાર્તા અને છેલ્લે પ.પૂ. ગાદીવાળાશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા પૂર્ણ થયા બાદ અ.સૌ. શાંતાબેન ગોરધનભાઈ પટેલ (મુબારકપુરાવાળા) હ. પ્રિયંકાબેન વિજયભાઈ પટેલ અને સત્સંગ સભાના યજમાન નિલમબેન હરિકૃષ્ણભાઈ રાણા, પવિત્રાબા (ધરમપુર ભૂંડીયા) આદિ પરિવારના બહેનોએ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીનું પૂજન-અર્ચન-આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. વિશાળ સંખ્યામાં બહેનોએ સભાનો લાભ લઈ ધન્ય બન્યા હતા. (શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ ગાંધીનગર સે-૨)

### શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં ગાંધીનગર (સેકટર-૨) મંદિરમાં અખંડ ધૂન અને શરદોત્સવ ઉજવાયો

શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં આયોજીત ૨૫૧ ગામોમાં ૧૫૧ મિનિટની અખંડ ધૂન અંતર્ગત ગાંધીનગર સેકટર-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે મહંત સ્વામી પી.પી. સ્વામીની પ્રેરણાથી ૧૫૧ મિનિટની અખંડ ધૂન તા. ૧૯-૧૦-૧૪ ને રવિવારના એકાદશીના દિને બપોરે ૨-૩૦ થી ૫-૧૦ સુધી યોજવામાં આવી હતી. જેમાં મહાદેવનગર, દહેગામ, ઝુંડાલ આદિ ગામોના ઘણા ભક્તો ધૂનમાં જોડાયા હતા. પૂર્ણાહુતિ બાદ મહંત સ્વામીએ ઉત્સવની માહિતી સાથે પ્રેરણાત્મક આશીર્વાદ આપ્યા હતા. સમગ્ર આયોજનમાં શા. ચૈતન્ય સ્વામી, શા. દિવ્યપ્રકાશ સ્વામી તથા હરિપ્રકાશ સ્વામી અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મહિલા મંડળે સુંદર સેવા બજાવી હતી. (બાબુભાઈ મગનભાઈ ગાંધીનગર)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂ. મહંત શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી એવં સર્વે હરિભક્તોની સેવા સહકાર અને સમર્પણથી તા. ૮-૧૦-૧૪ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગરના ભવ્ય પટાંગણમાં શરદોત્સવ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંત-મંડળ સાથે પધાર્યા હતા. આ પ્રસંગના યજમાન પ.ભ. રાકેશભાઈ મંગળદાસ પટેલ (ઝુંડાલવાળા કેનેડા) પરિવાર રહ્યાં હતા. અંદાજે જે ૨૦ ગામોથી ૨૦૦૦ જેટલા ભક્તોએ પધારી લાભ લીધો હતો. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું આગમન થતા યજમાન પરિવારે પૂજન-આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. સંતોમાં સ.ગુ. મહંત શા. સ્વા. હરિકૃષ્ણદાસજી, મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, સ.ગુ. મહંત શા. સ્વા. નારાયણવલ્લભદાસજી, સ્વામી રામકૃષ્ણદાસજી આદિ ૧૫ જેટલા સંતોએ પધારી પ્રેરક પ્રવચન કરી દુધ પૌંવાનો પ્રસાદ ગ્રહણ કરી રાજી થયા હતા. સભા સંચાલન શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ શોભાવ્યું હતું.

(પૂજારી દિવ્યપ્રકાશ સ્વામી, હરિપ્રકાશ સ્વામી)

### હિરાવાડીમાં સત્સંગ સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા હિરાવાડી શ્રીનરનારાયણદેવ યુવક મંડળના આયોજનથી આગામી શ્રી નરનારાયણદેવ મહોત્સવ તથા એપ્રોચ (બાપુનગર) મંદિરના દશાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં તા. ૧૧-૧૦-૧૪ ના રોજ પ્રાર્થના એપાર્ટમેન્ટના ગ્રાઉન્ડમાં સત્સંગ સભાનું સુંદર આયોજન થયું હતું.

કીર્તન ભક્તિ સાથે હરિકૃષ્ણદાસજી (એપ્રોચ) સ્વામી, શા. ચૈતન્ય સ્વામી, શા. સ્વા. છપૈયાપ્રસાદદાસજી, શા. સ્વા. રામકૃષ્ણદાસજી તથા અમદાવાદ મંદિરના સ.ગુ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજીએ પ્રસંગોચિત પ્રવચનમાં શ્રી નરનારાયણદેવ મહોત્સવમાં તન, મન અને ધનથી જોડાઈને સર્વ પ્રકારે સહભાગી થવા અનુરોધ કર્યો હતો.

(ગોરધનભાઈ સીતાપરા)

### હિંમતનગરમાં કથા પારાયણ

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીના આશીર્વાદથી તથા સાં. કમળાબાની પ્રેરણાથી અને સમસ્ત મહિલા મંડળના બહેનોના સાથ સહકારથી અત્રે તા. ૧૯-૮-૧૪ થી ૨૩-૮-૧૪ પર્યન્ત શ્રી જનમંગલ સ્તોત્ર પંચાન્હ પારાયણ સાં. કોકિલાબાના વક્તાપદે થઈ હતી. પોથીયાત્રા ધામધૂમથી નીકળી હતી. ધામોધામની સાંખ્યયોગી બાઈઓ પધાર્યા હતા. રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ શ્રી નરનારાયણદેવ મહોત્સવ એવમ્ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૪૨ મો

પ્રાકટ્યોત્સવ અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. ગાદીવાળાશ્રી ગાદી પર પદારુઢ થયા તેનો ''ગાદી દશાબ્દી'' મહોત્સવ અંતર્ગત તા. ૨૪-૮-૧૪ ના સમૂહ મહાપૂજા યોજાઈ હતી. જેના યજમાન મણીબેન ગોવિંદભાઈ પટેલ રહ્યા હતા. જેમાં ૨૮૦ બહેનોએ લાભ લીધો હતો. તમામ બહેનોની સેવા પ્રેરણારૂપ હતી. ઠાકોરજીના અન્નકૂટની સમૂહ આરતી થઈ હતી. સભા સંચાલન સાં. ઉષાબાએ કર્યું હતું. સૌ બહેનોએ કથામૃત પાન કરી ધન્ય બન્યા હતા. (ડાહીબેન, નીલાબેન પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી સ.ગુ. વયોવૃધ્ધ સંત હરિપ્રકાશદાસજી સ્વામી તથા શા. માધવ સ્વામીની પ્રેરણાથી તથા મહંત સ્વામીના માર્ગદર્શનથી અત્રે નારાયણપુરા મંદિરમાં જલઝીલણી ઉત્સવ અને શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણનું સુંદર આયોજન થયું હતું. જલઝીલણીનો વરઘોડો ધામધૂમ અને ભવ્યતાથી ધૂન-ભજન-કીર્તન ઓચ્છવ સાથે નીકળ્યો હતો. જેના યજમાન પ.ભ. ઓધવજીભાઈ જાદવજીભાઈ પટેલ પરિવાર રહ્યા હતા. ભગવાને રાતવાસો યજમાનશ્રીને ત્યાં કર્યો હતો. બી.ડી. રાવ હોલમાં શ્રી જયેશભાઈ સોનીના ભજન કીર્તન થયા હતા.

તા. ૨૯-૮-૧૪ થી તા. ૩-૯-૧૪ પર્યન્ત મંદિરમાં શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ શા. સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા)ના વક્તાપદે સંગીતના તાલે થઈ હતી. માધવ સ્વામીએ શુભેચ્છા પ્રવચન કર્યું હતું. કથાના યજમાન રાજુલાના નાગદાન સોનીના પરિવાર રહ્યાં હતાં. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને રૂડા આશીર્વાદ આપી રાજી થયા હતા. મહંત સ્વામીએ આભાર વિધિ કરી હતી.

(પટેલ ઘનશ્યામભાઈ ઉવારસદવાળા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વિરાટનગર (બહેનોનું)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૪૨ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી તથા સાં. રંજનબાની પ્રેરણાથી વિરાટનગર મહિલા મંડળ દ્વારા તા. ૧૫-૮-૧૪ થી તા. ૧૫-૯-૧૪ પર્યન્ત સાંજે ૪-૩૦ થી ૬-૦૦ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરવામાં આવી હતી. (નાનીબેન)

**શ્રી સ્વામિનારાયણ મંદિર અંબાપુર**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અંબાપુર ગામે શ્રાધ્ધ પક્ષમાં અમદાવાદ મંદિરથી પુરાણી સ્વામી ધર્મજીવનદાસજી તથા યોગી સ્વામી પધાર્યા હતા. સતત પંદર દિવસ સુધી શ્રી નરનારાયણદેવ અને ધર્મકુળના મહિમાની કથા કરી હતી. યોગી સ્વામીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ઝુંડાલ દ્વારા એક દિવસ કીર્તન ભક્તિનો કાર્યક્રમ સુંદર રીતે થયો હતો.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, અંબાપુર)

**કનીપુર ગામે ૧૫૧ મિનિટની અખંડ ધૂન અને સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી કનીપુર ગામે તા. ૧૨-૧૦-૧૪ ના રોજ શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં ૧૫૧ મિનિટની મહામંત્ર અખંડ ધૂન ત્યારબાદ સત્સંગ સભામાં પૂ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, મહંત શા. નાના પી.પી. સ્વામી (ગાંધીનગર સે-૨), શા. છપૈયા સ્વામી, ચૈતન્ય સ્વામી (વહેલાલ) આદિ સંતોએ મહોત્સવની રૂપરેખા સાથે રૂચિ મંડળની ધર્મકુળ પ્રત્યેની નિષ્ઠા અને શ્રીહરિનું મહિમા માહાત્મ્ય સમજાવ્યું હતું.

નરોડા, દહેગામ, નાંદોલ, વર્ધાના મુવાડા, મહુન્દ્રા, ધમીજ અને વહેલાલના હરિભક્તોએ સભાનો લાભ લીધો હતો. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ નરોડા)

**શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રીની આજ્ઞા - આશીર્વાદથી નીચેના ગામોમાં શ્રી નરનારાયણ મહિલા મંડળ દ્વારા ધાર્મિક પ્રવૃત્તિઓ પૂર્ણ થઈ છે.**

**સાબરમતી મહિલા મંડળ :** મંત્રલેખન - ૪૧૭૦૦૦૦, વચનામૃત પારાયણ - ૪૭, ભક્ત ચિંતામણી પારાયણ - ૩૮, શિક્ષાપત્રી પારાયણ - ૨૫૦૦, પ્રદક્ષિણા - ૭૮૦૦૦, શ્રી જનમંગલ પાઠ - ૩૯૦૦૦, માળા - ૩૩૦૦૦, દંડવત - ૨૧૭૦૦.

**અંબાપુર મહિલા મંડળ :** મંત્રલેખન - ૮૩૬૦૦૦, વચનામૃત પારાયણ - ૮, ભક્ત ચિંતામણી પારાયણ - ૨, શિક્ષાપત્રી પારાયણ - ૩૮૦૦, પ્રદક્ષિણા - ૧૧૫૫૦૦, શ્રી જનમંગલ પાઠ - ૨૦૦૦૦, માળા - ૭૦૮૦૦, દંડવત - ૧૯૧૦૮.

**પોર મહિલા મંડળ :** મંત્રલેખન - ૧૧૦૦૦૦૦, વચનામૃત પારાયણ - ૧૧, ભક્ત ચિંતામણી પારાયણ - ૨, શિક્ષાપત્રી પારાયણ - ૭૦૦, પ્રદક્ષિણા - ૬૦૦૦, શ્રી જનમંગલ પાઠ - ૪૨૦૧, માળા - ૧૮૭૦૦, દંડવત - ૩૨૨૫.

**મોટેરા મહિલા મંડળ :** મંત્રલેખન - ૨૫૩૦૦૦, વચનામૃત પારાયણ - ૧૯, ભક્ત ચિંતામણી પારાયણ - ૧૨, શિક્ષાપત્રી પારાયણ - ૧૨૦૦, પ્રદક્ષિણા - ૨૨૨૯૫, શ્રી જનમંગલ પાઠ - ૧૫૩૦૦, માળા - ૧૮૫૦૦, દંડવત - ૧૧૫૦૫.

**ચાંદખેડા-હીરામોતી મહિલા મંડળ :** મંત્રલેખન - ૪૪૦૦૦૦, વચનામૃત પારાયણ - ૧૩, ભક્ત ચિંતામણી પારાયણ - ૧, શિક્ષાપત્રી પારાયણ - ૧૩૦૦, પ્રદક્ષિણા - ૪૭૦૦૦, શ્રી જનમંગલ પાઠ - ૮૭૦૦, માળા - ૪૮૦૦૦, દંડવત - ૬૭૦૦.

**ડી-કેબીન કાળી મહિલા મંડળ :** મંત્રલેખન - ૪૧૬૦૦૦, વચનામૃત પારાયણ - ૪૫, ભક્ત ચિંતામણી પારાયણ - ૩૫, શિક્ષાપત્રી પારાયણ - ૨૩૦૦, પ્રદક્ષિણા - ૪૫૫૦૦, શ્રી જનમંગલ પાઠ - ૩૬૫૫૦, માળા - ૩૦૬૦૦, દંડવત - ૨૧૨૦૦.

**જમીયતપુરા-કુડાસણ-આદરજ મહિલા મંડળ :** મંત્રલેખન - ૨૪૨૦૦૦, વચનામૃત પારાયણ - ૩, ભક્ત ચિંતામણી પારાયણ - ૨, શિક્ષાપત્રી પારાયણ - ૧૩૫, પ્રદક્ષિણા - ૨૩૭૦૦, શ્રી જનમંગલ પાઠ - ૩૧૦૦, માળા - ૧૬૫૦૦, દંડવત - ૧૦૧૦૦.

(નયનાબેન એસ. પટેલ, સાબરમતી)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

### નવા માલણીયાદ (તા. હળવદ)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના આશીર્વાદથી નરનારાયણનગર નવા માલણીયાદ ગામે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના સાનિધ્યમાં મહાપૂજાનો ભવ્ય પ્રસંગ ઉજવાયો.

તા. ૧૨-૧૦-૧૪ ના રોજ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા ત્યારે ધર્મ સભામાં પધારેલા પાંચ હજારથી વધુ ધર્મકુળ આશ્રિત બહેનોએ પોતાના ધર્મગુરુને ધામધૂમથી વધાવ્યા હતા.

આ ધર્મસભાનું આયોજન સાં. કંચનબા (ધ્રાંગધ્રા) તેમજ હળવદ બહેનોના મંદિરમાં રહેતા (ખારીવાડી) સાં. કંચનબાના શિષ્ય મંડળ સાં. મધુબા, સાં. રીટાબા, સાં. મનીષાબેન અને સાં. અંકિતાબા આદિ બાઈઓએ કર્યું હતું. ધર્મ સભામાં ધામોધામથી પધારેલા સાંખ્યયોગી બાઈઓએ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનનું મહિમા માહાત્મ્ય અને ધર્મકુળના મહિમાની સુંદર પ્રેરણાદાયી વાતો કરી હતી. સમગ્ર સભાને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ ખૂબજ રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અત્રે વિસ્તારના સાંખ્યયોગી બાઈઓની સુંદર પ્રવૃત્તિ જોઈને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી ખૂબજ રાજી થયા હતા. (બહેનો વતી પ્રતિ. અનિલ દુધરેજીયા)

## વિદેશ સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર વોશિંગ્ટન ડી.સી.

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી કાલુપુરધામ શ્રી સ્વામિનારાયણ મંદિર વોશિંગ્ટન ડી.સી. ખાતે સ્વામી વ્રજભૂષણદાસજીના માર્ગદર્શનથી દિવાળીના ઉત્સવો ધામધૂમથી ઉજવાયા. રવિવારે એકાદશીના હરિભક્તોએ દર્શન, કથા વાર્તા, ધૂન ભજન અને નિયમ કર્યા હતા. કાળી ચૌદશના શ્રી હનુમાનજીનું પૂજન-આરતી અને સુંદર કાંડના પાઠ કર્યા હતા. દિવાળીના શુભ દિને શ્રી ઘનશ્યામ મહારાજનું સુંદર સિંહાસન શણગારી સુંદર રોશની કરીને શારદા પૂજન વિધિવત રીતે કરવામાં આવ્યું હતું. નૂતન વર્ષના મંગલ દિને પ્રાતઃ મંગળા આરતી, શણગાર આરતી અને ૧૫૦ પ્રકારની મિઠાઈઓ-વ્યંજનોનો ભવ્ય અન્નકૂટ ઠાકોરજીને ધરાવવામાં આવ્યો હતો. સવારથી સાંજ સુધીમાં ૪૦૦ જેટલા ભાઈઓ અને બહેનો આદિ હરિભક્તોએ દર્શન કરી જીવનને ધન્ય બનાવ્યું હતું. છેલ્લે તમામને પ્રસાદ જમાડવામાં આવેલ. તમામ હરિભક્તોએ પ્રેરણારૂપ સેવા કરી હતી. (કોઠારીશ્રી ડી.સી. મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરધામ**
**મોબાઈલ નં. : ૯૦૯૯૩૯૩૭૬**
**અક્ષરમહોલ વાડી જેતલપુર**
**મોબાઈલ નં. : ૯૦૯૯૮૮૨૫૦૦**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. લાલજી ૧૦૮ શ્રીવ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં **"શ્રી નરનારાયણદેવ મહોત્સવ"**નું ભવ્ય આયોજન તા. ૨૪-૧૨-૨૦૧૪ થી તા. ૨૮-૧૨-૨૦૧૪ દરમ્યાન રાખેલ છે. જેના ઉપક્રમે નીચે મુજબના બે કાર્યક્રમો રાખેલ છે. તેમાં સર્વે સંતો-ભક્તોએ સાથે મળીને સેવા કરી શ્રીજી મહારાજનો રાજીપો પ્રાપ્ત કરવા સહયોગ કરશોજી.

## ગરીબોને ગોદડા, રજાઈ, ધાબળા દાન

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આપણને આજ્ઞા કરી છે કે "દીનજન ને વિષે દયાવાન થવું." પ્રભુની આ આજ્ઞા પ્રમાણે શિયાળાની કડકડતી ઠંડીમાં અનેક ગરીબો દુઃખી થતા હોય છે. આવી ઠંડીમાં આપણે તેવા મનુષ્યો તથા તેમના નાના બાળકોને ઠંડીથી રક્ષણ આપવા માટે કંઈક કરવું એ આપણી માનવતાની દષ્ટિએ તથા શ્રીહરિની આજ્ઞા પ્રમાણે પવિત્ર ફરજ છે. તો સર્વે હરિભક્તોએ પોતાની શક્તિ પ્રમાણે પોતાના ઘરમાં હોય (સારા ઉપયોગમાં લઈ શકાય તેવા) અથવા તો બજારમાંથી ખરીદીને ધાબળા-ગોદડા પોતાના ગામના હરિમંદિર અથવા શિખરબંધ મંદિરમાં જમા કરાવવા. જે પણ ગોદડા-ધાબળા ભેગા થયા હોય તેની વિગત શ્રી કમલેશભાઈ વસોયા મો.: ૯૩૨૮૮૬૯૬૪૭, શ્રી ચેતનભાઈ રામાણી મો. : ૯૩૭૪૯૧૮૩૧૨ પર જણાવવી. તેના વિતરણની વ્યવસ્થા અંગે આપને એ પ્રમાણે જાણ કરવામાં આવશે.

## મૂર્તિ વ્યવસ્થા

આપણો સંપ્રદાય ઉત્સવ-સમૈયા તથા તીર્થયાત્રાનો સંપ્રદાય છે. બધા હરિભક્તો તીર્થયાત્રામાં જાય અથવા ઉત્સવ સમૈયામાં જાય કે સેવા કરે તમને સંતો કે સંસ્થા તરફથી ભગવાનની કોઈની કોઈ મૂર્તિ ભેટ આપવામાં આવે છે અથવા તો પોતે લાવ્યા હોય છે. આવી મૂર્તિઓ સમય જતા થોડી ઝાંખી થાય કે ખંડિત થાય અથવા તો એટલી બધી મૂર્તિઓ થાય કે ઘરમાં ક્યાં રાખળી ? એ પ્રશ્ન હોય છે. આથી ભક્તોની આ મુંઝવણના ઉપાય સ્વરૂપે જે કોઈ ભક્તો પાસે આવી મૂર્તિઓ હોય તે મૂર્તિઓની યોગ્ય વ્યવસ્થા મંદિર તરફથી કરવાનું આયોજન કરેલ છે. તો જે ભક્તો પાસે આવી મૂર્તિઓ હોય તેમણે આવી મૂર્તિઓ અથવા પોતે વિસર્જીત કરવા ઈચ્છતા હોય તેવી કોઈપણ મૂર્તિઓ પોતપોતાના ગામના હરિમંદિરમાં ભેગી કરવીને ભેગી થયેલી આ બધી મૂર્તિઓ - ફોટાઓ (તા. ૧-૧૨-૧૪ થી તા. ૬-૧૨-૧૪) સુધી કાલુપુર મંદિરમાં જમા કરાવવી. તારીખનું ખાસ ધ્યાન રાખવું તા. ૧-૧૨-૧૪ પહેલા મૂર્તિઓ સ્વીકારવામાં આવશે નહી. ભેગી થયેલી આ મૂર્તિઓ-ફોટાઓની યોગ્ય વ્યવસ્થા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા પ્રમાણે કરવામાં આવશે.

**ખાસ નોંધ :** કાચમાં મઢેલી મૂર્તિઓ શક્ય હોય ત્યાં સુધી કાચ કાઢી લઈને પછી જ મોકલવી.

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

| | | |
|---|---|---|
| ૮૮૮/- | કાચા ટેલર્સ પરિવાર હ. મુળજીભાઈ કાચા શ્રીજી પ્રસન્નાર્થે | લેસ્ટર-યુ.કે. |
| ૫૦૦/- | પરમાર જગદીશ બચુલાલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | ધૂળકોટ-નાઈરોબી |
| ૧૦૧/- | અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ માસિક પુણ્ય તિથિ નિમિત્તે | દહેગામ |
| ૧૦૧/- | અ.નિ. પરમાર અશ્વિનભાઈ ધીરૂભાઈના સ્મરણાર્થે | જાંબુડા |
| ૫૫૫/- | પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપા અર્થે ભૂડીયા કાંતિલાલ કેસરા | ઈસ્ટ લંડન |
| ૫૫૫/- | પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના રાજીપા અર્થે અ.સૌ. જસવંતીબેન કાંતિલાલ ભૂડીયા | ઈસ્ટ લંડન |
| ૨૦૧/- | પિંડોરીયા વેલજી પ્રેમજીની પુણ્ય તિથિ નિમિત્તે | માધાપર (કચ્છ) |
| ૧૦૧/- | પટેલ સવિતાબેન મનસુખભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | હઠીપુરા |
| ૧૦૧/- | અ.નિ. ભાવસાર તેજેશકુમાર કનુભાઈના સ્મરણાર્થે | સાણંદ |
| ૫૦૦/- | પટેલ સંદિપભાઈ અશોકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | ઓસ્ટ્રેલીયા |
| ૨૫૧/- | પટેલ કિન્નરીબેન ચિનુભાઈ ચિ. ભત્રીજા કુશના જન્મ પ્રસંગે | બીલીયા |
| ૧૦૧/- | ચાવડા ભગીરથસિંહ ખોડુભા ૨૫ માં જન્મ દિને | બળોલ-ભાલ |
| ૨૫૧/- | પોરીયા મહેન્દ્રભાઈ મગનભાઈ પુત્ર જન્મ પ્રસંગે | રાજકોટ |
| ૧૦૦/- | પારેખ પરેશભાઈ તેમના માતાપિતાના સ્મરણાર્થે | અમદાવાદ |
| ૧૦૦/- | ચાવડા ગોવિંદભાઈ જેશંગભાઈ ચિ. સહદેવના જન્મ દિને | બળોલ |
| ૨૦૦/- | પટેલ સાકરબેન ચુનીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | દહેગામ |
| ૨૦૦/- | પટેલ ચંચળબેન શનાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | દહેગામ |
| ૨૦૦/- | વાઘજીયાણી હિરજીભાઈ વેલજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | નાઈરોબી |
| ૨૦૦/- | પટેલ ચિરાગભાઈ ભગાભાઈ ધર્મકુળની કૃપાથી પ્રથમ પગાર નિમિત્તે | આનંદપુરા |
| ૨૦૦/- | ખેર ઘનશ્યામભાઈ રઘુજી ધર્મકુળની કૃપાથી નવી ગાડી નિમિત્તે | સોજા |
| ૧૦૧/- | અ.નિ. જરીવાલા ભગવાનદાસ રણછોડદાસ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | સુરત |
| ૧૦૦/- | પટેલ દેવ અનિલકુમાર નારણભાઈ જન્મ દિને | ગુલાબપુરા |
| ૧૦૧/- | કા. ઋષિત હર્ષદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બાલાસિનોર |
| ૧૦૦/- | ભીમાણી મયંક વિનોદચંદ્ર પ.પૂ. મહારાજશ્રીના ૪૨ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે | લંડન |
| ૧૦૦/- | મોરી રાધાબેન પથુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | કાલીયાણા |
| ૧૧૧/- | પટેલ દિશા મુકેશભાઈ કેનેડા યાત્રા નિમિત્તે | ચલોડા |
| ૧૦૦/- | પટેલ આશવકુમાર બાબુભાઈ ડિપ્લોમાં એન્જી.માં પાસ થયા તે નિમિત્તે | ખેરોલ |
| ૧૦૦/- | પટેલ પાર્થકુમાર મુકેશભાઈ ડિપ્લો.માં એન્જી.માં પાસ થયા તે નિમિત્તે | ખેરોલ |
| ૧૦૧/- | પટેલ કપીલાબેન જીવણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | ડભોઈ |
| ૧૦૧/- | પટેલ સુધાબેન અરવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | હિંગચડી |
| ૫૦૦/- | અ.નિ. પટેલ લલિતકુમાર લાલભાઈના સ્મરણાર્થે | સાબરમતી |
| ૫૦૦/- | અ.નિ. પટેલ કોકીલાબેન લલીતકુમારના સ્મરણાર્થે | સાબરમતી |
| ૨૦૧/- | કા. પટેલ કામીનીબેન વિરેશભાઈ પોથીયાત્રા નિમિત્તે | બાલાસિનોર |
| ૨૦૦/- | પટેલ કેવલભાઈ અજીતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | વાસણા |
| ૧૦૧/- | ત્રિવેદી જ્યોતિબેન શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૦૦૧/- | એક હરિભક્ત બહેન શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | રનેલા |

૧૦૧/- લખતરીયા રસિકભાઈ કરશનભાઈ સુરેન્દ્રનગર
એકટીવા લાવ્યા તે નિમિત્તે
૧૧૧/- અ.નિ. મોદી રણછોડલાલ સુરચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૧૧/- મહેતા મણીલાલ મુલચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે સાબરમતી
૧૦૦૧/- ડૉ. પટેલ રિતેષ જી. નરોડા મોટા ચેખલા
રિધમ હોસ્પિટલના ઉદ્‌ઘાટન નિમિત્તે
૧૦૧/- અ.નિ. પરમાર પ્રભાતસંગ અદેસંગ શ્રીજી પ્રસન્નાર્થે ગોલાણા
૧૦૧/- અ.નિ. રાઓલ અભીસિંહ દેવીસિંહ શ્રીજી પ્રસન્નાર્થે મિતલી
૨૫૧/- જોબનપુત્રા હંસાબેન મહેશભાઈ મોરબી
ધવલને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે
૧૦૦/- મોદી અમરતલાલ મગનલાલ સેટેલાઈટ
પ.પૂ. મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે
૧૦૧/- જોશી ભાવિક ભાવિન એકટીવા લીધું તે નિમિત્તે અમદાવાદ
૫૦૦/- પટેલ રમણલાલ મરઘાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કોલ્હાપુર
૧૦૦/- પટેલ નિકીતા સોહાગ જન્મ દિને ગવાડા
૧૦૦/- દરજી મનોજભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૫૦૦/- પટેલ ધારાબેન પ્રકાશભાઈ અમદાવાદ
લગ્ન પ્રસંગે અને અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે
૧૦૧/- વાઘેલા મહેન્દ્રસિંહ ભાવુભા શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વાઘેલા મનહરબા મહેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૧૧/- ઢાકેચા દક્ષા રિતેષભાઈ ચિ. વિશ્વેકના જન્મ દિને નિકોલ
૧૦૧/- પટેલ મંગુબેન રમેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નારદીપુર
૨૫૧/- પટેલ બળદેવભાઈ સોમદાસ નવાવાડજ
અમેરિકા-કેનેડાના વિઝા નિમિત્તે
૨૫૧/- પટેલ શાંતાબેન બળદેવભાઈ નવાવાડજ
અમેરિકા-કેનેડાના વિઝા નિમિત્તે
૧૧૧/- પટલે દિવ્યકાંત ભગાભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે માણેકપુર
૧૦૦/- પટેલ ફ્રાન્સી તથા યશવી જન્મ દિને ખેરોલ
૧૦૦/- વાઘેલા શિવુભા વેલુભા શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૫/- ગરનારા ધીરજલાલ રાઘવજી અમદાવાદ
ચિ. જાન્હવીબેનના વેવિશાળ પ્રસંગે
૧૦૦/- પટેલ અંજનાબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નાંદોલ
૧૦૦/- પટેલ સોમાભાઈ હરજીવનદાસ વિઝા મળ્યા તે નિમિત્તે પલસાણા
૧૦૦/- પટેલ મધુબેન સોમાભાઈ વિઝા મળ્યા તે નિમિત્તે પલસાણા
૨૦૦/- પટેલ લીલાબેન મહેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સીમરીકંપા
૧૦૧/- પટેલ મુકેશભાઈ રમણભાઈ પુત્ર જન્મ પ્રસંગે ગાંધીનગર
૨૦૦/- પટેલ ભારતીબેન જયદિપભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સીમરીકંપા
૫૦૧/- પટલે ચિનુભાઈ અમરતભાઈના સ્મરણાર્થે વડુ
૧૦૦/- ચૌહાણ આયુષસિંહ વજેસિંહ પુણ્ય તિથિ નિમિત્તે ટાંકીયા
૨૦૦/- પટેલ આરના પ્રેમલકુમાર જગદીશભાઈ જન્મ દિને રાજપુર
૧૦૧/- માંડલીયા શ્લોક પંકજભાઈ જન્મ દિને અમદાવાદ
૨૦૦/- પટેલ જસ્મીન મહેશભાઈ ગાડી લાવ્યા તે નિમિત્તે નાંદોલ
૫૦૧/- પટેલ જીતેન્દ્રકુમાર વલ્લભભાઈ રાયણીયા
ચિ. નિલકંઠકુમારના જન્મ દિને
૧૦૦/- મોરી અશોકભાઈ કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૦/- પટેલ યુગ કલ્પીતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગોઠીબ
૧૦૦/- પટેલ મનોરમાબેન પિયુષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા
૧૦૧/- ખેર ટવિંકલબેન ઘનશ્યામભાઈ બળોલવાળા
ફીજીયોથેરાપીમાં એડમીશન નિમિત્તે
૧૦૦/- વાઘેલા કિરીટસિંહ બળવંતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૦/- વાઘેલા વર્ષાબા કિરીટસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૧/- સાવિત્રીબેન મહેન્દ્રભાઈ અમેરિકાના વિઝા નિમિત્તે આનંદપુરા

૧૦૦/- કા. શૈલેષકુમાર શાંતિલાલ ઓપરેશન નિમિત્તે બાલાસિનોર
૧૦૧/- પટેલ નીશાબેન યાજ્ઞિકકુમાર પુત્ર જન્મ પ્રસંગે ધનસુરા
૧૦૧/- પટેલ પૂનમભાઈ હીરાભાઈ નવો કૂવો કર્યો તે નિમિત્તે ધનસુરા
૧૦૦/- પટેલ ગૌરાંગ ભરતભાઈ જન્મ દિને જલગાઁવ
૧૦૦/- પટલે સ્વીટી ભરતભાઈ જન્મ દિને જલગાઁવ
૧૦૦/- મોરી ભાવનાબેન દેવીદાસ ચિ. ભક્તિના જન્મ પ્રસંગે ડેડીયાસણ
૧૦૧/- ભાવસાર હર્ષ કમલેશકુમાર કડી
ધો-૧૦ માં સારા ટકાએ પાસ થયા તે નિમિત્તે
૧૦૦/- ચૌહાણ નિગમ સંદિપભાઈ જન્મ દિને બારડોલી
૧૦૦/- ચૌહાણ સંદિપભાઈ અરવિંદભાઈ બારડોલી
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૫૦૧/- ચૌહાણ કંચનબેન રમેશભાઈ જામસર
વંદનાબેનનું ઓપરેશન સફળ થયું તે નિમિત્તે
૨૦૧/- ચૌહાણ રમેશભાઈ રણછોડભાઈ જામસર
નવી ગાડી લાવ્યા તે નિમિત્તે
૧૦૧/- મોદી લીલાબેન રમેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- પટેલ ભીખાભાઈ કેશવલાલ અમેરિકાના વિઝા નિમિત્તે વિહાર
૧૦૦/- પટેલ કમળાબેન ભીખાભાઈ અમેરિકાના વિઝા નિમિત્તે વિહાર
૨૫૧/- શાહ જ્યોતિ રાજેન્દ્ર શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૫૧/- પટેલ મહેન્દ્રભાઈ નાથાલાલ શ્રીજી પ્રસન્નાર્થે વાગોસણા
૧૫૧/- પટેલ સરોજબેન મહેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વાગોસણા
૧૦૦૦/- પટેલ ભરતભાઈ જીવરાજભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વિરમગામ
૧૦૦/- મોદી વિકાસ ભરતભાઈ હિંમતનગર
- અંકિતા ચિ. જૈમિલના જન્મ દિને
૨૦૦/- કા. મંજુલાબેન હર્ષદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાલાસિનોર
૨૫૧/- પટેલ રંજનબેન વિક્રમભાઈ ઉનાવા
ચિ. નિકસ જીગરભાઈ પટેલ ૫ માં જન્મ દિને
૨૦૨/- વરૂ હર્ષ અને દર્શન રાજેશભાઈ જીરાગઢ
પ.પૂ. મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે
૧૦૧/- રાધવાણી દીપ ચેતનભાઈ જન્મ દિને અમદાવાદ
૧૫૧/- મકવાણા કિરીટભાઈ કલ્યાણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વાપી
૧૦૦૦/- સુખડીયા મગનભાઈ નાથાભાઈ અમદાવાદ
તેમના માતુશ્રી સમજુબેનના સ્મરણાર્થે
૧૦૦/- મકવામા નવ્યા અલ્પેશભાઈ બીજી વર્ષગાંઠ નિમિત્તે અમરાઈવાડી
૨૦૦/- પટેલ ધિરેન રમણભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે સાબરમતી
૨૦૦/- પટેલ જીગર રાવજીભાઈ સાબરમતી
ઓસ્ટ્રેલીયામાં મકાન લીધું તે નિમિત્તે
૧૧૦/- પ્રજાપતી બાલાભાઈ ચતુરભાઈ પારડી
ગર્વમેન્ટ જોબમાં પુરો પગાર થયો તે નિમિત્તે
૧૦૧/- સગર બાબુભાઈ પૂંજાભાઈ એકટીવા લાવ્યા તે નિમિત્તે ઈડર
૧૦૦/- પટેલ બાબુભાઈ કરશનદાસ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે વિહાર
૧૧૧/- અ.નિ. મોદી ચંચળબેન રણછોડલાલ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૧૧/- અ.નિ. મહેતા ડાહીબેન મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે સાબરમતી
૧૦૦/- મોરી ભીખુભાઈ જેઠુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૧/- અ.નિ. કા. જીગર પુણ્ય તિથિ નિમિત્તે કોઠંબા
૧૦૦/- કા. ઘનશ્યામદાસ ચિનુલાલ શ્રીજી પ્રસન્નાર્થે કોઠંબા
૧૦૧૧/- અમીન જસ્મીન યોગેન્દ્રકુમાર ચલોડા
નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે
૧૦૧/- ઠક્કર નટવરલાલ મોહનલાલ જન્મ દિને વિરમગામ
૧૫૦/- અમીન માનવ જસ્મીન શ્રીજી પ્રસન્નાર્થે દહેગામ
૧૦૧/- સોની હેતવી તથા ખુશી વિમલભાઈ જન્મ દિને અમદાવાદ
૧૦૧/- પટેલ વર્ષાબેન ભાવેશકુમાર ભાણાના જન્મ પ્રસંગે પરબતપુરા

| | | |
|---|---|---|
| ૧૦૦/- | પટેલ અમૃતભાઈ કેશવલાલ ભાણીના જન્મ પ્રસંગે | વિહાર |
| ૧૦૦/- | પટેલ પ્રહલાદભાઈ ઈશ્વરભાઈ ચિ. પૌત્ર વેદાંતના જન્મ દિને | વાગોસણા |
| ૧૦૦/- | પટેલ વર્ષાબેન ઘનસ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | વાગોસણા |
| ૧૦૦/- | પટેલ મધુબેન ભરતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | વાગોસણા |
| ૯૯૦/- | અ.નિ. સુપુત્રી ટાંક કાંતાબેન માવજીભાઈ ના સ્મરણાર્થે હ. ટાંક માવજીભાઈ જીવાભાઈ અને જડીબેન માવજીભાઈ | લેસ્ટર-યુ.કે. |
| ૧૦૧/- | પટેલ પ્રવિણભાઈ કરશનભાઈ ઉર્મિલાબેનના સ્મરણાર્થે | ભરાડા |
| ૧૦૧/- | પટેલ દિક્ષીતાબેન પ્રવિણભાઈ ઉર્મિલાબેનના સ્મરણાર્થે | ભરાડા |
| ૧૦૧/- | પટેલ ધાર્મિકભાઈ પ્રવિણભાઈ ઉર્મિલાબેનના સ્મરણાર્થે | ભરાડા |
| ૧૦૧/- | પટેલ સરોજબેન ચમનભાઈ ઉર્મિલાબેનના સ્મરણાર્થે | ભરાડા |
| ૧૦૧/- | પટેલ કુલદિપભાઈ ચમનભાઈ ઉર્મિલાબેનના સ્મરણાર્થે | ભરાડા |
| ૧૦૧/- | પટેલ હાર્દિકભાઈ ચમનભાઈ ઉર્મિલાબેનના સ્મરણાર્થે | ભરાડા |
| ૧૦૧/- | પટેલ ધીરજભાઈ ધરમશીભાઈ ઉર્મિલાબેનના સ્મરણાર્થે | ભરાડા |
| ૧૦૧/- | પટેલ ધીરજભાઈ ધરમશીભાઈ ઉર્મિલાબેનના સ્મરણાર્થે | ભરાડા |
| ૧૦૧/- | પટેલ મીનાબેન ધીરજભાઈ ઉર્મિલાબેનના સ્મરણાર્થે | ભરાડા |
| ૧૦૧/- | પટેલ જૈમિનભાઈ ધીરજભાઈ ઉર્મિલાબેનના સ્મરણાર્થે | ભરાડા |
| ૧૦૧/- | પટેલ જતીનભાઈ અમૃતભાઈ ઉર્મિલાબેનના સ્મરણાર્થે | ભરાડા |
| ૧૦૧/- | પટેલ પૂજાબેન દિનેશભાઈ ઉર્મિલાબેનના સ્મરણાર્થે | ભરાડા |
| ૧૦૧/- | પટેલ અર્ચનાબેન મુકેશભાઈ ઉર્મિલાબેનના સ્મરણાર્થે | ભરાડા |
| ૧૦૧/- | પટેલ માહીબેન દિનેશભાઈ ઉર્મિલાબેનના સ્મરણાર્થે | ભરાડા |
| ૧૦૦/- | સોલંકી ઉમેશભાઈ નારણદાસ શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૧૧/- | પટેલ કામીનીબેન હરદાસભાઈ જોબ મળી તે નિમિત્તે | ઓસ્ટ્રેલીયા |
| ૧૦૦/- | અ.નિ. ઠક્કર ચંદુલાલ શીવલાલ પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે | કલોલી |

## શ્રી નરનારાયણદેવ મહોત્સવમાં સમસ્ત સત્સંગ સમાજને સેવા અંગે

**શ્રી નરનારાયણદેવ મહોત્સવ હવે ખૂબજ નજીક આવી રહ્યો છે. મહોત્સવના ઉપલક્ષમાં ચાલતા ધાર્મિક અને સામાજીક આયોજનો ગામો ગામ અને શહેરોમાં પુર વેગે થઈ રહ્યાં છે. સમસ્ત સત્સંગ સમાજ તન, મન અને ધનથી સેવા અને ભજનમાં જોડાયેલ છે.**

**આથી સમસ્ત હરિભક્તોને ખાસ અનુરોધ છે જે, આપણા સૌના આ મહોત્સવમાં આર્થિક સેવામાં જોડાવા ઈચ્છતા ભક્તોએ પોતાના હેતરૂચિ વાળા સંતોનું માર્ગદર્શન લઈ અથવા તો પોતાના વિસ્તારના સર્વે ભક્તોને આર્થિક સેવામાં જોડાવવા ઈચ્છા હોય એમણે વારાવાળા સંતો અથવા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર કોઠાર ઓફિસમાં સંપર્ક કરવો. વિશેષ માહિતી માટે.**

**કોઠાર ઓફિસ : ૦૭૯-૨૨૧૩૨૧૭૦**

## અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**મહેસાણા :** શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણામાં ઠાકોરજીની સેવા પૂજા કરતા સ.ગુ. સ્વામી હરિપ્રિયદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ) તા. ૧૦-૧૦-૨૦૧૪ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. તેમના અક્ષરવાસથી મહેસાણાના સત્સંગને મોટી ખોટ પડી છે.

**અમદાવાદ (સાબરમતી) :** પ.ભ. લલીતકુમાર લાલભાઈ પટેલ તા. ૨૬-૯-૧૪ અને કોકીલાબેન લલીતકુમાર પટેલ તા. ૨૭-૯-૧૪ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ડાંગરવા :** પ.ભ. જેઠાલાલ લાલદાસ પટેલ (ઉ. ૯૨ વર્ષ) (નારણપુરા મંદિર નિયમિત દર્શને આવતા) તા. ૧૨-૧૦-૧૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**નિકોલ-અમદાવાદ :** પ.ભ. સુખડીયા સમજુબેન નાથાભાઈ (ઉં. ૯૦ વર્ષ) તા. ૧૩-૧૦-૧૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ઓઢવ-અમદાવાદ :** પ.ભ. રમેશભાઈ મધુભાઈ સુખડીયા (ઉ. ૫૧ વર્ષ) તા. ૩૦-૯-૧૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**નાંદોલ :** પ.ભ. રમણભાઈ છોટાભાઈ પટેલ તા. ૧૫-૧૦-૧૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ચાંદખેડા :** પ.ભ. ભાવસાર પાર્વતીબેન હરિભાઈ (પેથાપુરવાળા) તા. ૧૩-૧૦-૧૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ હાથીખાના નવોવાસ :** પ.ભ. કાંતિલાલ લીલાચંદ ભાવસાર તા. ૨૪-૧૦-૧૪ કારતક સુદ-૧ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**નવા માલણીયાદ (હળવદ) :** પ.ભ. દલવાડી પ્રભુભાઈ રત્નાભાઈ (ઉ. ૫૮ વર્ષ) તા. ૧૩-૯-૧૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.




૧. વિશટનગર માં શ્રી નરનારાયણદેવ મહોત્સવ નિમિત્તે ૧૫૧ મિનિટની ધૂન પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.મોટા મહારાજશ્રી ૨. બાવળા મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી ૩. અમદાવાદ મંદિરમાં પારાયણ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રીની આરતી ઉતારતા યજમાન પરિવાર ૪. નારણઘાટ મંદિરમાં પારાયણ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રીની આરતી ઉતારતા યજમાન પરિવાર ૫. શ્રી નરનારાયણદેવ મહોત્સવ નિમિત્તે રાજકોટ ખાતે સત્સંગ સભા ૬. અમદાવાદમંદિરમાં શ્રી નરનારાયણદેવ મહોત્સવ નિમિત્તે સમિતિના નિમણૂક પત્ર આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી ૭. શ્રી નરનારાયણદેવ મહોત્સવ નિમિત્તે મહોત્સવ સ્થળે કામગિરીનું નિરીક્ષણ કરતા પ.પૂ.મહારાજશ્રી૮.પ.ભ. ડૉ.જી.કે.પટેલ(મહેસાણા)ના ૧૭૫મી વખત રક્તદાન પ્રસંગે આશીર્વાદ આપતા પ.પૂ.મોટા મહારાજશ્રી સાથે મંત્રીશ્રી નિતીન પટેલ અને મહેસાણા મંદિરના મહંત સ્વામી. ૯ અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવ સમક્ષ પરંપરાગત દર વર્ષે પ્રબોધીની એકાદશીના સંપૂર્ણ રાત્રી શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ દ્વારા ઓચ્છવ. ૧૦. શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં મેઘાણીનગરમાં સત્સંગ સભા.

Registered under RNI-GUJGUJ/2007/20221 "Permitted to post at Ahd PSO on 11 the every month under postal REG. NO. GAMC.- 003/12-14 issued ssp Ahd Valid up to 31-12-2014 Licenced to Post without pre payment No.CPMG/GJ/01/2014 valid up to 31-12--2014







સલકી ગામે શ્રીજી મહારાજના સમકાલિન હરિભકતોના વંશજોના પરિવારના બાળકોને દિવાળી નિમિત્તે મિઠાઈઓ અને ફટાકડાનું વિતરણ કરતા શ્રી હરિના વંશજો પ.પૂ.લાલજી મહારાજશ્રી તથા પૂ. શ્રીરાજા




Jagdish Offset

Praful Kharsani